| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૩/૦૭/૨૦૨૩ | | |
| રજીસ્ટર તારીખ | ૦૩/૦૭/૨૦૨૩ | | |
| ફેસલ તારીખ | ૨૯/૦૭/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિન** |
| | **૦૩** | **૦૦** | **૨૬** |

**સેશન્સ કેસ નં.૧૦૦/૨૦૨૩**
આંક:

FORM -A

# IN THE COURT OF
# The Hon'ble Addl. Sessions Judge, Navrangpura, Ahmedabad (Rural).

Present: M. K. Upadhyay

Date of The Judgement: 29/07/2026

**Sessions Case No. 100/2023**

Details of F.I.R /Crime and Police Station.
વેજલપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૮૨૧૧૭૬૪/૨૦૨૧, તા.૦૩/૧૧/૨૦૨૧

ઈ.પી.કો.કલમ–૩૦૨, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબ.

| | |
|---|---|
| Complainant | શ્રી સરકાર(સોયેબખાન રીયાઝુદીન પઠાણ) |
| REPRESENTED BY | વિ.એ.પી.પી.શ્રી એ. એમ. ગુલાબાની |
| ACCUSED | (૧) જીશાન ઉર્ફે નિશાન તાજમોહંમદ અંસારી રહે. મ.નં.૩, મહેરૂનિશ્ના સોસાયટી, લાલા કબ્રસ્તાનની પાસે, ફતેવાડી, વેજલપુર, અમદાવાદ. **(UTP)**<br>(૨) મોહંમદસલીમ ઉર્ફે ડાન્સર જાફરભાઈ અંસારી **(UTP)**<br>રહે. મ.નં.૭, કસ્વા પાર્ક, એ વન નગરની બાજુમાં, ફતેવાડી, વેજલપુર, અમદાવાદ.<br>(૩)ફરદીન ઇસ્માઇલભાઇ ચંડેલ<br>રહે. મ.નં.એફ/૧૭, સીદીકાબાદ કોલોની, સેપર બેકરીની પાછળ, સરખેજ, અમદાવાદ. |

| | |
|---|---|
| | (૪) અદનાન તાજમોહંમદ ઉર્ફે તાજમીયાં અંસારી<br>રહે. મ.નં.૩, મહેરૂનિલ્લા સોસાયટી, લાલા કબ્રસ્તાનની પાસે, ફતેવાડી, વેજલપુર, અમદાવાદ.<br>(૫) ઉસ્માનગની અબ્દુલરસીદ મણીયાર<br>રહે.૨૦૬૦ નવી મહોલત ગલી નં.૨, પાંચકુવા, કાલુપુર, અમદાવાદ.<br>(૬) સદામ ફીરોઝભાઇ મહેંદીહુસેન શેખ<br>રહે. એ/૩, મોઇન રો હાઉસ, આમેના કોલોની પાસે, લાલબાગ કબ્રસ્તાન રોડ, ફતેવાડી, અમદાવાદ. |
| REPRESENTED BY | આરોપી નં.૧ અને ૪ થી ૬ તર્ફે વિ. વ. શ્રી એમ. એમ.શેખ<br>આરોપી નં. ૨ અને ૩ તર્ફે વિ. વ. શ્રી એ. બી. રાજપૂત |

FORM -B

| | |
|---|---|
| Date of Offence | તા.૦૩/૧૧/૨૦૨૧ |
| Date of F.I.R | તા.૦૩/૧૧/૨૦૨૧ |
| Date of Charge sheet | તા. ૨૮/૦૧/૨૦૨૨ |
| Date of Framing of Charges | તા.૦૬/૦૯/૨૦૨૪ |
| Date of commencement of evidence | તા.૦૫/૧૦/૨૦૨૪ |
| Date of which Judgement is reserved | તા.૦૨/૦૭/૨૦૨૬ |
| Date of the Judgement | તા.૨૯/૦૭/૨૦૨૬ |
| Date of the Sentencing Order, if any | Acquitted |

Accused Details.

| Rank of the accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Under gone durring Trial for purpose of section 428 |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | Cr.P.C. |
| (૧) | (૧) જીશાન ઉર્ફે નિશાન તાજમોહંમદ અંસારી રહે. મ.નં.૩, મહેરૂનિશા સોસાયટી, લાલા કબ્રસ્તાનની પાસે, ફતેવાડી, વેજલપુર, અમદાવાદ. **(UTP)** | ૦૩/૧૧/૨૦૨૧ | -- | ઇ.પી.કો. કલમ-૩૦૨, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા જી.પી. એક્ટની કલમ-૧૩૫(૧) મુજબ. | | | |
| (૨) | (૨) મોહંમદસલીમ ઉર્ફે ડાન્સર જાફરભાઇ અંસારી **(UTP)** રહે. મ.નં.૭, કસ્વા પાર્ક, એ વન નગરની બાજુમાં, ફતેવાડી, વેજલપુર, અમદાવાદ. | ૦૩/૧૧/૨૦૨૧ | -- | | | | |
| (૩) | (૩)ફરદીન ઇસ્માઇલભાઇ ચંડેલ રહે. મ.નં.એફ/૧૭, સીદીકાબાદ કોલોની, સુપર બેકરીની પાછળ, સરખેજ, અમદાવાદ. | ૦૩/૧૧/૨૦૨૧ | ૨૦/૦૯/૨૦૨૨ | | | | |
| (૪) | (૪) અદનાન તાજમોહંમદ ઉર્ફે તાજમીયાં અંસારી રહે. મ.નં.૩, મહેરૂનિશા સોસાયટી, લાલા કબ્રસ્તાનની પાસે, ફતેવાડી, વેજલપુર, અમદાવાદ. | ૧૦/૧૧/૨૦૨૧ | ૧૯/૦૯/૨૦૨૨ | | | | |
| (૫) | (૫) ઉસ્માનગની અબ્દુલરસીદ મણીયાર રહે.૨૦૬૦ નવી મહોલત ગલી નં.૨, પાંચકુવા, કાલુપુર, અમદાવાદ. | ૧૦/૧૧/૨૦૨૧ | ૦૮/૦૯/૨૦૨૨ | | | | |
| (૬) | (૬) સદામ ફીરોઝભાઇ મહેંદીહુસેન શેખ રહે. એ/૩, મોઇન રો હાઉસ, આમેના કોલોની પાસે, લાલબાગ કબ્રસ્તાન રોડ, ફતેવાડી, અમદાવાદ. | ૧૦/૧૧/૨૦૨૧ | ૧૨/૦૬/૨૦૨૩ | | | | |

FORM-C

LIST OF PROSECUTION / DEFENCE/ COURT WITNESSES

A. Prosecution.

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL |
|---|---|---|

| | | |
|---|---|---|
| | | WITNESS, PUNCH WITNESS, OTHER WITNESS |
| PW1 | મોહમદનદીમ મોહમદતોફીક અંસારની સોગંદ પરની જુબાની આંક– ૨૯ | પંચસાહેદ |
| PW2 | આસિફઅલી અસગરઅલી શેખની સોગંદ પરની જુબાની આંક– ૩૧ | પંચસાહેદ |
| PW3 | હમઝા ઇફતેખાર શેખની સોગંદ પરની જુબાની આંક– ૩૪ | પંચસાહેદ |
| PW4 | મહંમદઆરીફ મહમદરફીક શેખની સોગંદ પરની જુબાની આંક– ૪૨ | પંચસાહેદ |
| PW5 | ફૈઝાન ફકીરમહમદ દીવાનની સોગંદ પરની જુબાની આંક– ૪૪ | પંચસાહેદ |
| PW6 | સમીરખાન યાકુબખાન પઠાણની સોગંદ પરની જુબાની આંક– ૫૧ | પંચસાહેદ |
| PW7 | અસ્માલીખાન અહેસાનખાન પઠાણની સોગંદ પરની જુબાની આંક– ૫૪ | પંચસાહેદ |
| PW8 | શાહદુલ્લાખાન રેદુલ્લાખાન પઠાણની સોગંદ પરની જુબાની આંક– ૫૯ | પંચસાહેદ |
| PW9 | ફરહાનાબાનુ શાહરૂખભાઇ શેખની સોગંદ પરની જુબાની આંક– ૬૬ | સાહેદ(મરણજનારના પત્નિ) |
| PW10 | સોએબખાન રીયાઝુદીન પઠાણની સોગંદ પરની જુબાની આંક– ૬૭ | ફરીયાદી |
| PW11 | રમણભાઇ સેંધાભાઇ સોલંકીની સોગંદ પરની જુબાની આંક– ૭૧ | એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ |
| PW12 | મોહમ્મદશરીફ અસ્ફાકહુસેન શેખની સોગંદ પરની જુબાની આંક– ૭૭ | સાહેદ(મરનારના મિત્ર) |
| PW13 | ડૉ.ચિંતન મહેશકુમાર જાનીની સોગંદ પરની જુબાની આંક– ૭૯ | તબીબ સાહેદ (પી.એમ.કરનાર) |
| PW14 | રશ્મિકાંત બાબુલાલ મજમુદારની સોગંદ પરની જુબાની આંક– ૮૫ | સાયન્ટીફીક અધિકારી |
| PW15 | ડૉ.ધારક દિનેશભાઇ મોદીની સોગંદ પરની જુબાની આંક– ૮૮ | તબીબ સાહેદ (સારવાર કરનાર) |
| PW16 | મોહંમદ સલીમ ગુલામરસુદ શેખની સોગંદ પરની જુબાની આંક– ૯૨ | પંચસાહેદ |
| PW17 | અઝરુદ્દીન અમીરુદ્દીન શેખની સોગંદ પરની જુબાની આંક– ૯૭ | સાહેદ(મરનારના ભાઇ) |
| PW18 | નરેશકુમાર રણછોડભાઇ પટેલની સોગંદ પરની જુબાની આંક– ૧૧૨ | નકશો બનાવનાર અધિકારી |
| PW19 | વિનુભાઇ હરીભાઇ દેસાઇની સોગંદ પરની જુબાની આંક– ૧૧૬ | પોલીસ સાહેદ |
| PW20 | ભાવેશ દિનેશભાઇ ભટ્ટની સોગંદ પરની જુબાની આંક– ૧૧૮ | ફરીયાદ નોંધનાર પોલીસ અધિકારી |
| PW21 | ડૉ. ભૂમી નટવરલાલ પટેલની સોગંદ પરની જુબાની | તબીબ સાહેદ |

| | | |
|---|---|---|
| | આંક– ૧૨૫ | |
| PW22 | કાંતિસિંહ જવાનસિંહ ઝાલાની સોગંદ પરની જુબાની આંક– ૧૩૫ | પોલીસ સાહેદ |
| PW23 | હરેશભાઇ ગોવિંદભાઇ ભટ્ટાચાર્યની સોગંદ પરની જુબાની આંક– ૧૪૨ | તપાસ કરનાર અધિકારી |

B. Defence Witnesses , if any:

| RANK | NAME | NATURE OF EVIDENCE<br>(EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PUNCH WITNESS, OTHER WITNESS |
|---|---|---|
| PW1 | NIL | – |

C. Court Witnesses If any.

| RANK | NAME | NATURE OF EVIDENCE<br>(EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PUNCH WITNESS, OTHER WITNESS |
|---|---|---|
| CW1 | NIL | – |

LIST OF PROSECUTION /DEFENSE / COURT EXHIBITS.

A. Prosecution.

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1. | Exhibit-30/PW 1 | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ |
| 2. | Exhibit-32/PW 2 | મરણોત્તર પંચનામુ |
| 3. | Exhibit-35/PW 3 | આરોપીઓના કપડાં કબજે કર્યાનુ પંચનામુ |
| 4. | Exhibit-36/PW 3 | પંચસ્લીપો |
| 5. | Exhibit-43/PW 4 | મરનારના કપડાં તથા બ્લડ સેમ્પલ કબજે કર્યાનુ પંચનામુ |
| 6. | Exhibit-52/PW 6 | આરોપીઓના બ્લડ સેમ્પલ કબજે કર્યાનુ પંચનામુ |
| 7. | Exhibit-55/PW 7 | મુદ્દામાલ વાહન તથા કપડાં કબજે કર્યાનુ પંચનામુ |
| 8. | Exhibit-56 to 58/PW 7 | પંચસ્લીપો |
| 9. | Exhibit-68/PW 10 | ફરીયાદ |
| 10. | Exhibit-72/ PW 11 | ઓળખ પરેડનુ પંચનામુ |
| 11. | Exhibit-73/ PW 11 | ઓળખ પરેડ કરવાની પોલીસ યાદી |
| 12. | Exhibit-74/ PW 11 | ઓળખ પરેડનો સમય ફાળવ્યાની યાદી |
| 13. | Exhibit-80/PW 13 | પી.એમ. કરવાની પોલીસ યાદી |
| 14. | Exhibit-81/ PW 13 | પી.એમ.નોટ |
| 15. | Exhibit-82/ PW 13 | ફોરવડીંગ લેટર |

| | | |
|---|---|---|
| 16. | Exhibit-86/ PW 14 | સ્થળ પરિક્ષણ કરવાનીયાદી |
| 17. | Exhibit-87/ PW 14 | સ્થળ પરિક્ષણ અહેવાલ |
| 18. | Exhibit-89/ PW 15 | મરનારનું સારવાર સર્ટીફીકેટ |
| 19. | Exhibit-93/ PW 16 | મુદ્દામાલ વાહન તથા લાકડાનો ડંડો કબજે કર્યાનુ પંચનામુ |
| 20. | Exhibit-94/ PW 16 | પંચસ્લીપ |
| 21. | Exhibit- 113/PW 18 | ફોરવર્ડીંગ લેટર |
| 22. | Exhibit-114/ PW 18 | સ્થાનિક જગ્યાનો નકશો |
| 23. | Exhibit-115/PW 18 | પોલીસ યાદી |
| 24. | Exhibit-117/PW 19 | જાહેરનામુ |
| 25. | Exhibit-119/PW 20 | ડી.ડી. લેવા માટે કરેલ રીપોર્ટ |
| 26. | Exhibit-120/PW 20 | ગુન્હો રજીસ્ટર કરવાનો રીપોર્ટ |
| 27. | Exhibit-126/PW 21 | ઈજા પામનાર/ફરીયાદીનુ સારવાર સર્ટીફીકેટ |
| 28. | Exhibit-127/PW 21 | ઈજા પામનાર/ફરીયાદીના મેડીકલ કેસપેપર્સ |
| 29. | Exhibit-128/PW 21 | સાહેદ મોહંમદશરીફનુ સારવાર સર્ટીફીકેટ |
| 30. | Exhibit-129/PW 21 | સાહેદ મોહંમદશરીફના મેડીકલ કેસપેપર્સ |
| 31. | Exhibit-136/PW 22 | આરોપીઓને અટક કર્યાની યાદી |
| 32. | Exhibit-137/PW 22 | સૂચિપત્ર |
| 33. | Exhibit-143/PW 23 | ઓળખ પરેડ કરવા માટેની યાદી |
| 34. | Exhibit-144/PW 23 | કલમ ઉમેરાનો રીપોર્ટ |
| 35. | Exhibit-145 to 147/PW 23 | સી.ડી.આર.મેળવવા નોડલ ઓફીસરશ્રીને કરેલ યાદી |
| 36. | Exhibit-148/PW 23 | મરનારના ફોનની કોલ ડીટઈલ્સ |
| 37. | Exhibit-149/PW 23 | આરોપી અદનાનના ફોનની કોલ ડીટેઈલ્સ |
| 38. | Exhibit-150/PW 23 | આરોપી ઉસ્માનગનીના ફોનની કોલ ડીટેઈલ્સ |
| 39. | Exhibit-151/PW 23 | આરોપી સદામના ફોનની કોલ ડીટેઈલ્સ |
| 40. | Exhibit-152/PW 23 | આરોપી જીશાનના ફોનની કોલ ડીટેઈલ્સ |
| 41. | Exhibit-153/PW 23 | આરોપીઓ વચ્ચે થયેલ વાતચીતની કોલ ડીટેઈલ્સ |
| 42. | Exhibit-154/PW 23 | રવાનગી નોંધ |
| 43. | Exhibit-155/PW 23 | મુદ્દામાલ મળ્યાની પહોંચ |
| 44. | Exhibit-156/PW 23 | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર |
| 45. | Exhibit-157/PW 23 | એફ.એસ.એલ. નો બાયોલોજી અહેવાલ |
| 46. | Exhibit-158/PW 23 | એફ.એસ.એલ. નો સીરોલોજી અહેવાલ |
| 47. | Exhibit-159 | કલોઝીંગ પુરશીસ |

B. Defence.

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1. | Exhibit D-1/DW 1 | નીલ |

## C. Court Exhibits.

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1. | Exhibit C-1 /C.W.1 | NIL |

## D. Material Objects.

| Sr. No. | Material Number | Description |
|---|---|---|
| 1. | | મુ.પા.નં.૪૦૩/૨૦૨૧, તા.૦૩/૧૧/૨૦૨૧<br>૧. રતાશ પડતા લોહીના મોટા ડાઘ પરથી ઘસીને લીધેલ કોટન થ્રેડ સીલબંધ કવરમાં.<br>૨. કંટ્રોલ કોટન થ્રેડ જે સીલબંધ કવરમાં છે તે. |
| 2. | | મુ.પા.નં.૪૦૪/૨૦૨૧, તા.૦૩/૧૧/૨૦૨૧<br>૩. એક કાચની સીલબંધ શીશી CMO PM DEPT V.S.G.H.A'BAD તેના પર લાખથી નુ સીલ કરેલ છે જે શીશી પર સફેદ મેડીકલ પટ્ટી પર ૫૪૨/૨, ૦૩-૧૧-૨૧ SAHRUKH S/O AMIRUDIN SHAIKH M/28 BLOOD ON POLICE DEMAND VSGH લખેલ છે.<br>૪. એક પુઠ્ઠાનુ શીલબંધ બોક્સ જેના ફરતે સફેદ દોરી બાંધેલ છે તથા તેના પર લાખથી RMO SVP IMSR AHMEDABAD નુ સીલ કરેલ છે, તથા બોક્સ ઉપર સફેદ સ્ટીકર ઉપર MR.SAHRUKH AMIRUDDIN SHAIKH MRN 21000938152 SVP HOSPITAL SAMPLE OF CLOTHES VEJALPUR POLICE STATION લખેલ છે. |
| 3. | | મુ.પા.નં.૪૦૫/૨૦૨૧, તા.૦૩/૧૧/૨૦૨૧<br>૫. આરોપી જીશાન અંસારીએ બનાવ વખતે પહેરેલ કાળા કલરનો શર્ટ છે તે કાગળના પડીકામાં સીલબંધ.<br>૬. એક કાગળનુ સીલબંધ પડીકુ જેમાં આરોપી જીશાન અંસારીએ બનાવ વખતે પહેરેલ સ્કાય બ્લ્યુ કરલનુ જીન્સ પેન્ટ છે તે.<br>૭.એક કાગળનુ સીલબંધ પડીકુ જેમાં આરોપી મહોમદસલીમ અંસારીનાએ બનાવ વખતે પહેરેલ કથ્થાઇ ગોલ્ડન કલરની ચોકડીવાળુ શર્ટ છે તે .<br>૮. એક કાગળનુ સીલબંધ પડીકુ જેમાં આરોપી મહોમદ સલીમ અંસારીનાએ બનાવ વખતે પહેરેલ છીંકણી કલરનુ મોટી ચેકસ વાળુ પેન્ટ છે તે.<br>૯. એક કાગળનુ સીલબંધ પડીકુ જેમાં આરોપી ફરદીન ચંડેલનાએ બનાવ વખતે પહેરેલ કાળા કલરની ટી શર્ટ છે તે.<br>૧૦. એક કાગળનુ સીલબંધ પડીકુ જેમાં આરોપી ફરદીન ચંડેલનાએ બનાવ વખતે પહેરેલ બ્લયુ કલરનુ ફન્કી જીન્સ છે તે.<br>૧૧. એક કાચની સીલબંધ શીશી જેના ઉપર લાખથી c.m.o V.S.G.H Ahmedabad નુ સીલ કરેલ છે તથા તેના પર દવાખાનાની પટ્ટી ઉપર CASUALITY 03.11.21 VEJALPUR POLICE STATION NAME JISHANK S/O TAJMAHOMAD SHAMMAHOMAD ANSHARI, AGE 29 SEX M, MLC NO 44 TIME 8.30 P.M. DATE 03-11-21 CMO DR. HARSH PATEL BLOOD SAMPLE લખેલ છે.<br>૧૨. એક કાચની સીલબંધ શીશી જેના ઉપર લાખથી c.m.o V.S.G.H Ahmedabad નુ સીલ કરેલ છે તથા તેના પર દવાખાનાની પટ્ટી ઉપર CASUALITY 03.11.21 VEJALPUR POLICE STATION NAME MAHOMAD SALIM JAFARBHAI ANSHARI, AGE 24 SEX M, MLC NO 45 TIME 8.35 P.M. DATE 03-11-21 CMO DR. HARSH PATEL BLOOD SAMPLE લખેલ છે.<br>૧૩. એક કાચની સીલબંધ શીશી જેના ઉપર લાખથી c.m.o V.S.G. H Ahmedabad નુ સીલ કરેલ છે તથા તેના પર દવાખાનાની પટ્ટી |

| | | |
|---|---|---|
| | | ઉપર CASUALITY 03.11.21 VEJALPUR POLICE STATION NAME FARDIN S/O ISMAILBHAI IBRAHIMBHAI CHANDEL, AGE 18 SEX M, MLC NO 46 TIME 8.40 P.M. DATE 03-11-21 CMO DR. HARSH PATEL BLOOD SAMPLE લખેલ છે. |
| 4. | | <u>મુ.પા.નં.૪૦૬/૨૦૨૧, તા.૦૪/૧૧/૨૦૨૧</u><br>૧૪. આરોપી જીશાન અંસારીએ ગુન્હામાં વાપરેલ એક કાળા કલરનો વાદળી પટ્ટાવાળી પલ્સર મોટર સાયકલ જેનો આર.ટી.ઓ. નં. GJ.27.CK 9838 છે તે. જેનો એ.નં.BHYCJG84293 તથા ચે.નં. MDZA11CYOJCG78113 નો છે તે.<br>૧૫. એક કાગળનુ સીલબંધ પડીકુ જેમા આરોપી જીશાન અંસારીએ ગુન્હામાં વાપરેલ એક સ્ટીલ જેવી ધાતુવાળી વચ્ચેના ભાગે બટનવાળી છરી જેની લંબાઇ માપી જોતા ૨૩ સે.મી. જેમા ફળની લંબાઇ ૧૦ સે.મી. તથા હાથાની લંબાઇ ૧૩ સે.મી. થાય છે જે ફળ ઉપર રતાશ પડતા ભુખરા પડતા ડાઘો જણાય છે તે.<br>૧૬. એક કાગળનુ સીલબંધ પડીકુ જેમા આરોપી મહોમદ સલીમ અંસારીનાએ ગુન્હામાં વાપરેલ એક સ્ટીલ જેવી ધાતુવાળી વચ્ચેના ભાગે બટનવાળી છરી જેનુ ફળ એક બાજુ ધારદાર છે તથા આગળથી અણીદાર છે લંબાઇ માપી જોતા ૧૭ સે.મી. જેમાં ફળની લંબાઇ ૭.૫ સે.મી. તથા હાથાની લંબાઇ ૯.૫ સે.મી. જાય છે જે ફળ ઉપર રતાશ પડતા ભુખરા પડતા ડાઘો જણાય છે તે.<br>૧૭. એક કાપડની સીલબંધ બગીમાં આરોપી ફરદીન ચંડેલ પાસે બનાવ વખતે લાકડાનો ડંડો હતો જેની લંબાઇ ૭૩ સે.મી. છે તે |
| 5. | | <u>મુ.પા.નં.૪૧૨/૨૦૨૧, તા.૧૦/૧૧/૨૦૨૧</u><br>૧૮. આરોપી અદનાન અંસારીએ ગુન્હામાં વાપરેલ એક સફેદ કલરનુ બર્ગમેન ટુ વ્હીલર જેની આર.ટી.ઓ. નંબર પ્લેટ જણાતી નથી. જેનો એ.નં.AF2167711154 તથા ચે. નં. MB8EA11BHM8226693 છે તે.<br>૧૯. એક કાગળનુ સીલબંધ પડીકુ જેમાં આરોપી અદનાન અંસારીએ બનાવ વખતે પહેરેલ ગ્રે કલરનુ ટોપાવાળુ ટી શર્ટ.<br>૨૦. એક કાગળનુ સીલબંધ પડીકુ જેમાં આરોપી અદનાન અંસારીએ બનાવ વખતે પહેરેલ વાદળી કલરનુ ટ્રેક છે તે.<br>૨૧. એક કાગળનુ સીલબંધ પડીકુ જેમાં આરોપી ઉસ્માનગની મણીયારએ બનાવ વખતે પહેરેલ વાદળી દુધિયા સફેદ બ્લેક કલરવાળુ ચેકસ શર્ટ છે તે.<br>૨૨.એક કાગળનુ સીલબંધ પડીકુ જેમાં આરોપી ઉસ્માનગની મણીયાર બનાવ વખતે પહેરેલ બ્લ્યુ કલરનુ જીન્સ પેન્ટ છે તે.<br>૨૩. એક કાગળનુ સીલબંધ પડીકુ જેમાં આરોપી સદામ શેખએ બનાવ વખતે પહેરેલ આછા દુધીયા કલરનુ શર્ટ છે તે.<br>૨૪.એક કાગળનુ સીલબંધ પડીકુ જેમાં આરોપી સદામ શેખ બનાવ વખતે પહેરેલ સફેદ કલરનુ પેન્ટ છે તે.<br>૨૫. એક કાપડની સીલબંધ બગીમાં આરોપી અદનાન પાસે બનાવવખતે લાકડાનો ડંડો હતો જેની લંબાઇ ૭૫ સે.મી. છે તે. |
| 6. | | <u>મુ.પા.નં.૪૧૩/૨૦૨૧, તા.૧૦/૧૧/૨૦૨૧</u><br>૨૬. એક કાચની સીલબંધ શીશી જેના ઉપર લાખથી c.m.o V.S.G. H Ahmedabad નુ સીલ કરેલ છે તથા તેના પર દવાખાનાની સફેદ પટ્ટી પર NAME ADNAN S/O TAJMOHMAD ANSARI, AGE 19 SEX M, MLC NO 145 TIME 4.31 P.M. DATE 10-11-21 CMO DR. MONA PARMAR BLOOD SAMPLE લખેલ છે.<br>૨૭. એક કાચની સીલબંધ શીશી જેના ઉપર લાખથી c.m.o V.S.G. H Ahmedabad નુ સીલ કરેલ છે તથા તેના પર દવાખાનાની પટ્ટી ઉપર CASUALITY 03.11.21 VEJALPUR POLICE STATION NAME USMANGANI ABDULRASID MANIYAR, AGE 27 SEX M, MLC NO 146 TIME 4.40 P.M. DATE 10-11-21 CMO DR. MONA PARMAR BLOOD SAMPLE લખેલ છે.<br>૨૮. એક કાચની સીલબંધ શીશી જેના ઉપર લાખથી c.m.o V.S.G. |

| | | |
|---|---|---|
| | | H Ahmedabad નુ સીલ કરેલ છે તથા તેના પર દવાખાનાની પટ્ટી ઉપર NAME SADDAM FIROZBHZI SHAIKH, AGE 20 SEX M, MLC NO 145 TIME 4.31 P.M. DATE 10–11–21 CMO DR. MONA PARMAR BLOOD SAMPLE લખેલ છે. |

## JUDGMENT

૧. ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તથા તેમના મિત્ર સાહેદ મોહમદ સરીફ અસ્પાક હુસેન શેખ તથા મરણજનાર શાહરૂખ અમીરૂદીન શેખનાઓ શાહરૂખ શેખની એકસેસ ટુ વ્હીલર લઇ ફતેવાડી રહેતા તેઓના મિત્રને મળવા જતા હતા અને એકસેસ ફરીયાદી ચલાવતા હતા અને તેમના મિત્ર સાહેદ શરીફ તથા મરણજનાર શાહરૂખ પાછળ બેસેલ હતા અને તેઓ તા. ૦૩/૧૧/૨૦૨૧ ના કલાક ૦૨:૦૦ વાગ્યાના રાત્રીના સમયે બરફની ફેકટરી આગળ હુસેની પાર્ક સોસાયટી વિભાગ–૨ આગળ નુરે ઈલાહી પાર્ક સામે એ ટુ ઝેડ નામની દુકાન આગળ આરોપી નં.૧ નાએ અગાઉની અદાવત રાખી આરોપીઓ અલગ અલગ મોટરસાયકલ પર આવી ફરીયાદી ના ટુ વ્હીલરને લાત મારી પાડી દેતા ફરીયાદી તથા સાહેદ ભાગવા જતા આરોપી નં. ૧ અને ૨ નાએ તેઓને પકડી રાખી આરોપી નં. ૧ અને ૨ નાએ તેમની પાસેની છરીથી ફરીયાદીના મિત્ર શાહરૂખ અમીરૂદીન શેખને જાનથી મારી નાખવાના ઈરાદે શરીરે આડેધડ છરીઓના ઘા મારી જીવલેણ હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડેલ તથા આરોપી નં. ૩ અને ૪ નાએ તેમની પાસે ના લાકડાના ડંડા રાખી બધા આરોપીઓ ભેગા મળી તને છોડવો નથી જાનથી મારી નાખવો છે તેમ કહી ફરીયાદી તથા સાહેદ શરીફ તથા મરનાર શાહરૂખને ગંદી બિભત્સ ગાળો બોલી તથા આરોપી નં. ૧ નાએ મરનાર શાહરૂખ પાસે આવી તુ તારી દાદાગીરી છોડી દે જે તેમ કહી પીઠના પાછળના ભાગે તેમજ થાપાના ભાગે ફરીથી છરીઓના ઘા મારતા સારવાર દરમ્યાન

મૃત્યુ નિપજાવી તથા સાહેદ શરીફને ચાલુ એકસેસે પડી જવાથી ડાબા પગે ઈજા પહોંચાડી તેમજ હથિયારો ધારણ કરી મહે. પોલીસ કમિશ્નરશ્રનીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ હોવા બાબતની ફરીયાદ વેજલપુર પોલીસ સ્ટેશનમાં ગુ. ર. નં. ૧૧૧૯૧૦૨૮૨૧૧૭૬૪/૨૦૨૧ થી ફરીયાદીએ નોંધાવેલ. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ સદરહુ ગુન્હાની તપાસ કરી, લાગતા વળતા સાહેદોના નિવેદનો લઇ, તપાસના અંતે આરોપીઓ સામે પુરતો પુરાવો જણાતા ઇ. પી. કો. કલમ-૩૦૨, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબના ગુન્હાનુ ચાર્જશીટ અમદાવાદ(ગ્રામ્ય)ના ચોથા એડી. જયુ. મેજી. શ્રી સમક્ષ તા.૨૮/૦૧/૨૦૨૨ ના રોજ દાખલ કરેલ.

૨. હાલના આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ થતા, અમદાવાદ (ગ્રામ્ય)ના વિ.ત્રીજા એડી.જયુ.મેજી.શ્રીનાઓએ આરોપીઓને તેમની રૂબરૂ હાજર કરી જવાબ નોંધી, તથા આરોપીઓને તેમની રૂબરૂ હાજર કરી આરોપીઓને તેઓની સામેના પોલીસ કેસના તમામ કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૮ અન્વયે મળ્યા અંગેની ખરાઈ કરી, તેઓ તેમના બચાવમાં સરકારી વકીલ રોકવા માંગે છે કે ખાનગી વકીલ તે અંગે પૂછતાં, તેઓ સ્વખર્ચે વકીલ રોકવાના છે તેવુ પુરશીસ આપી જાહેર કરેલ છે. ત્યારબાદ સદર કેસ સેશન્સ ટ્રાયેબલ કેસ હોવાથી અને અમદાવાદ (ગ્રામ્ય)ના વિ.ત્રીજા એડી. જયુડી. મેજી. શ્રીને આ ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ન હોવાથી, સદર કેસમાં કમીટલ હુકમ કરી, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૯ અન્વયે હાલનો કેસ કમીટ કરી અત્રેની સેશન્સ અદાલત તરફ મોકલી આપેલ, જે આધારે સદર કેસ સેશન્સ કેસ નં.૧૦૦/૨૦૨૩ આપી, રજીસ્ટરે લેવામાં આવેલ છે.

૩. સદર કેસ ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે અત્રેની કોર્ટમાં આવતા, આરોપીઓને પ્રોસેસ કરેલ અને આરોપીઓ હાજર થતા ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની તમામ નકલો વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલ હોવાની ખાત્રી રેકર્ડ ઉપર કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ આંક–૨૧ થી ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૨, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓ સબબનુ તહોમતનામુ ફરમાવી, આરોપીઓને સદર તહોમતનામુ વાંચી, સંભળાવી, સમજાવી તે અંગે આરોપીઓનો આંક– ૨૨ થી આંક–૨૭ સુધી જવાબ નોંધતા, આરોપીઓએ તેઓની સામેના તહોમતોનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ શ્રી સરકાર પક્ષ તરફે વિ. એડી.પી.પી. શ્રી દ્વારા આંક–૧૬ના લીસ્ટથી અસલ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે તે મુજબ બંને પક્ષોને સાંભળી ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૨૬ મુજબ કેસ ઓપન કરવામાં આવેલ છે.

૪. આ કામમાં ફરીયાદ પક્ષ તર્ફે ઉપર મુજબ મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે. ત્યારબાદ વિધ્વાન એડી.પી.પી.શ્રી એ.એમ.ગુલાબાનીએ આંક–૧૫૯ થી પુરાવો બંધ કરવાની પુરશીસ રજુ કરેલ છે.

૫. આ કામમાં રેકર્ડ ઉપર રજૂ થયેલ સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવાની હકીકતો વંચાણે લેતાં આરોપીઓ વિરૂધ્ધના ગુન્હાના આક્ષેપો પુરવાર કરવા માટે રેકર્ડ ઉપર જે પુરાવા રજુ થયેલ છે તેને ધ્યાનમાં લેતાં આરોપીઓનુ ક્રિ.પ્રો.કો. કલમ– ૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીઓએ પોતાના વિશેષ નિવેદનમાં ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ મૌખિક

અને દસ્તાવેજી પુરાવાની હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે, ''અમારી સામે ખોટો કેસ કરેલ છે અને અમોએ કોઇ ગુન્હો કરેલ નથી'' તેમજ આરોપી નં.ર અને ૩નાએ જણાવેલ છે કે, મરનારના મિત્રોએ ખોટી અદાવત રાખી ખોટો કેસ કરેલ છે.'' ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફથી વિ. એડી. પી.પી.શ્રી અને બચાવ પક્ષના વિધ્વાન વકીલશ્રીની વિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલી છે. આરોપી નં. ૧ તથા ૪ થી ૬ તર્ફે વિ. વકીલશ્રી ધ્વારા આંક– ૧૬૧ થી લેખીત દલીલો રજુ કરી તેના સમર્થનમાં કેટલીક ઓથોરીટીઓ પણ રજુ કરેલ છે. જેને હાલના કેસના હકીકત, સંજોગો તેમજ હવે પછીના પેરાઓમાં ચર્ચા કરેલ કારણો અન્વયે ધ્યાને લેવામાં આવેલ છે.

૬. આ કેસના આખરી નિર્ણય માટે નીચે પ્રમાણેના મુદા ઉપસ્થિત થયેલ છે.

## મુદા

| | |
|---|---|
| (૧) | શુ ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગેરકાયદેસરની મંડળી રચી પોતાનો સામાન્ય હેતુ બર લાવવા માટે વાહનો પર ઘાતક હથિયાર ધારણ કરી ફરીયાદી તથા મરનાર અને મિત્ર શરીફનાઓ એકસેસ લઈને જતા હતા ત્યારે તા. ૦૩/૧૧/૨૦૨૧ નારોજ કલાક ૦૨:૦૦ વાગે રાત્રીના બરફ ફેકટરી આગળ નુરે ઈલાહી પાર્ક સામે એ ટુ ઝેડ નામની દુકાન આગળ આરોપી જીશાનનાએ અગાઉ અદાવત રાખી એકસેસને ટકકર મારી પાડી દેતા તેઓ ભાગવા જતા હતા ત્યારે મરનારને આરોપી નં.૧ અને રનાએ પકડી પાડી તથા ફરીયાદી તથા તેના મિત્ર શરીફને આરોપી નં.૩ |

| | |
|---|---|
| | થી ૬ નાએ પકડી રાખી મરનાર શાહરૂખને આરોપી નં.૧ તથા ૨નાએ તેમની પાસેની છરીથી જાનથી મારી નાખવાના ઈરાદે છરીથી આડેધડ ઘા મારી જીવલેણ હુમલો કરી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી તથા આરોપી નં.૩ તથા ૪નાએ લાકડાના ડંડા રાખી ભેગા મળી આજે તને જાનથી મારી નાખવો છો તેમ કહી ફરીયાદી તથા તેમના મિત્રોને ગંદી બિભત્સ ગાળો બોલી તથા આરોપી નં.૧નાએ ફરીયાદીને ગાળો બોલી બે લાફા મારી તેમજ જતા જતા શાહરૂખ પાસે આવી તુ દાદાગીરી છોડી દેજે તેમ કહી શાહરૂખને પીઠના પાછળના ભાગે તેમજ થાપાના ભાગે ફરીથી છરીઓના ઘા મારી જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી મૃત્યુ નિપજાવી તેમજ સાહેદને એકસેસ પરથી પાડી દઈ ઈજાઓ પહોંચાડી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે? |
| (૨) | શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવના દિવસે, સમયે અને સ્થળે મહે. અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબના હથિયારબંધીનુ જાહેરનામુ અમલમાં હોવા છતાં પ્રાણઘાતક અને મારક હથિયાર ધારણ કરી મહે.પોલીસ કમિશ્નરશ્રીના જાહેરનામાનો ભંગ કરી જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે? |
| (૩) | શુ હુકમ? |

૭. ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો નીચે મુજબ છે.

**:: નિ ર્ણ યો ::**

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

**:: નિર્ણયના કારણો ::**

૮. **મુદ્દા નં. ૧ અને ૨ :–**

મુદ્દા નં. ૧ અને ૨ ની હકીકત, સંજોગો એકબીજા સાથે સંકળાયેલા હોય તેમજ એકસરખા પુરાવા ઉપર આધારિત હોય, હકીકત, સંજોગો અને પુરાવાઓનુ પુનરાવર્તન ટાળવાના એક માત્ર ન્યાયીક ઉદ્દેશ્યથી બંને મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવી છે.

૯. હવે પ્રોસીકયુશન તરફે સૌ પ્રથમ પંચસાહેદ મોહમદનદીમ મોહમદતોફીક અંસારીને સાહેદ નં.૧ તરીકે આંક–૨૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેમાં તેમણે એવો પુરાવો આપેલો છે કે, સને ૨૦૨૧ ની સાલમાં તેઓને વેજલપુર પોલીસે પંચનામુ કરવા બોલાવતા તેઓએ જુહાપુરા બરફની ફેકટરીએ બનાવ બનેલ તે જોયેલ અને ત્યાં લોહીના ડાઘા પડેલા જોયેલા તે પોલીસે તપાસના કામે કબજે કરેલ અને પંચનામુ થયા બાદ તેમાં પંચ નં.૨ તરીકે તેમણે સહી કરેલી અને નિ.૧૬/૯ થી રજુ ગુન્હાવાળી જગ્યાના પંચનામામાં તેમની પંચ નં.૨ તરીકેની સહી ઓળખી બતાવી આંક–૩૦ થી રજુ કરેલ છે.

૯.૧ વધુમાં આરોપીના વિ.વ.શ્રી દ્વારા પંચસાહેદની ઉલટ તપાસ લેવામાં આવેલ છે જેમાં પંચસાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમને બોલાવવા આવેલ પોલીસ સાહેદનુ નામ યાદ નથી. તેઓએ એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે પોલીસે તેમનુ

નામ પુછેલુ અને પંચનામામાં સહી કરવાનુ કહેતા તેમણે સહી કરી આપેલી.

૯.૨ આમ, આ પંચસાહેદનો ઉપરોકત જુબાની પુરાવો ધ્યાને લઇ તેનું મૂલ્યાંકન કરવામાં આવે તો, પુરાવા દરમ્યાન તેઓ બનાવવાળી જગ્યા પર લોહીના ડાઘા પડેલ હતા તેવી હકીકત જણાવેલ છે અને ગુન્હાવાળી જગ્યા જોઇને તેઓ જતા રહેલા. પરંતુ શુ બનાવ બનેલ અને બનાવવાળી જગ્યા કોણે બતાવેલ તે હકીકત જણાવેલ ન હોય સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને આંક- ૩૦ ના પંચનામાની વિગતે સમર્થનકારી નથી.

**૧૦.** પ્રોસીકયુશન તરફે પંચસાહેદ આસિફઅલી અસગરઅલી શેખને સાહેદ નં. ૨ તરીકે આંક-૩૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેમાં તેમણે એવો પુરાવો આપેલો છે કે, સને ૨૦૨૧ માં તેઓને વી. એસ. હોસ્પિટલમાં પંચનામુ કરવા બોલાવતા તેઓ પોસ્ટમોર્ટમ રૂમ પાસે ગયેલા ત્યાં શાહરૂખની લાશ પોલીસે બતાવેલી જેના માથા ઉપર અને શરીરમાં ઘણા ઈજાના ઘા હતા. તે જોઇને પોલીસે પંચનામુ કરેલ તેમાં સહી કરવાનુ કહેતા તેમણે તથા બીજા સાથેના પંચસાહેદે સહી કરેલી જે નિ.૧૬/૧૩ ના ઈન્કવેસ્ટ પંચનામામાં તેમની પંચ નં.૨ તરીકેની સહી ઓળખી બતાવી આંક-૩૨ થી રજુ કરેલ છે.

૧૦.૧ વધુમાં આરોપીના વિ.વ.શ્રી દ્વારા પંચસાહેદની ઉલટ તપાસ લેવામાં આવેલ છે જેમાં પંચસાહેદે એવુ જણાવેલ છે કે, તેઓ હોસ્પિટલ સવારના સાડા નવ દસ વાગે ગયા હતા અને ત્યાં પોલીસવાળાએ તેમને શાહરૂખના કપડાં તથા છરી બતાવેલ. સાહેદે એ હકીકત સ્વીકારેલ છે કે મરનાર શાહરૂખભાઇ તેમના સગા થતા હોય તેઓ જાતે દવાખાને ગયેલા અને દવાખાનામાં મરનાર શાહરૂખના ઘણા બધા સગાવ્હાલા હાજર હતા તેમાંથી

પોલીસે તેમને પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી અને લખાણ વાંચેલુ નહી.

૧૦.૨ આમ, આ પંચસાહેદનો ઉપરોકત જુબાની પુરાવો ધ્યાને લઇ તેનું મૂલ્યાંકન કરવામાં આવે તો, તેઓ મરનાર શાહરૂખના સગા થતા હોય દવાખાને ગયેલ પોલીસવાળાએ તેમને શાહરૂખના કપડાં તથા છરી બતાવેલા નો પુરાવો આપેલ છે પરંતુ તેઓ ત્યાં હાજર હોવાથી માત્ર સહી કરી આપેલી તેઓએ લખાણ વાંચેલ નહી તેથી શેનુ પંચનામુ કરેલ તે વિશે કોઇ સ્પષ્ટ પુરાવો આપતા ન હોય આંક- ૩૨ ના મરણોત્તર પંચનામાની હકીકતને સંપૂર્ણ સમર્થન કરતા હોય તેમ જણાતુ નથી.

**૧૧.** પ્રોસીકયુશન તરફે પંચસાહેદ હમઝા ઇફતેખાર શેખને સાહેદ નં.૩ તરીકે આંક-૩૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેમાં તેમણે એવો પુરાવો આપેલો છે કે, સને ૨૦૨૧ માં વેજલપુર પી.આઇ.એ તેમને વેજલપુર પો. સ્ટે. પંચમાં રહેવા બોલાવેલ અને તેમની સામે મરનાર શાહરૂખના કપડા બતાવેલ તે સિવાય કોઇના કપડા બતાવેલ નથી. વધુમાં એવુ જણાવેલ છે કે આ કામના આરોપીઓ જીશાન, મહમદસલીમ, ફરદીનના બનાવ સમયે પહેરેલા કપડા તેની રૂબરૂમાં કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. તેમજ પંચનામામાં પંચ નં.૧ તરીકેની તેમની સહી ઓળખી બતાવતાં પંચનામુ આંક-૩૫ થી રજુ કરેલ છે. વધુમાં સાહેદે જણાવેલ છે કે કપડા બતાવતા મુદામાલ આર્ટીકલ નં. ૫ થી ૯ વાળા શર્ટ, પેન્ટ અને ટી શર્ટ તેની હાજરીમાં કબજે કરેલ અને પંચસ્લીપમાં તેની સહી ઓળખી બતાવે છે.

૧૧.૧ સદર પંચસાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. તેઓએ તેમની ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે કોમ્પ્યુટર ઉપર જયાં ટાઇપ થતુ હતુ તે

રૂમમાં લઇ ગયેલ અને ત્યાં તેઓ અને બે ત્રણ પોલીસવાળા હતા અને પોલીસવાળાએ ટાઇપ કરી તેમનુ નામ સરનામુ લખેલુ અને પ્રીન્ટ કાઢયા બાદ સહી કરવાનુ કહેતા તેમણે સહી કરેલ. પોલીસ કપડા કયાંથી લાવેલ તે કાંઇ કીધેલુ નહી. તેઓ મરનાર શાહરૂખને જ ઓળખતા હતા. એ વાત સ્વીકારેલ છે કે તેઓ શાહરૂખના કેસમાં મિત્રતાના નાતે પંચમાં રહેવા તૈયાર થયેલા અને પોલીસની બીજી કાર્યવાહીની તેમને કાંઇ ખબર ન હતી અને તેઓ સહીઓ કરીને નીકળી ગયેલા.

૧૧.૨ પ્રોસીકયુશન તરફે પંચસાહેદ ફૈઝાન ફકીરમહમદ દીવાનને સાહેદ નં. ૫ તરીકે આંક–૪૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. ચાર્જશીટ મુજબ તેઓ આંક–૩૫ ના પંચનામાના બીજા પંચ છે. તેમાં તેમણે એવો પુરાવો આપેલો છે કે, આંક–૩૫ વાળા પંચનામામાં તેમણે સહી કરેલ નથી અને તેઓ આરોપીઓને ઓળખતા નથી. તેમની હાજરીમાં પોલીસ સ્ટેશનમાં ત્રણ ઇસમો હાજર હોય અને કોઇ કાર્યવાહી કરેલ હોય તે બાબતે તેઓને કાંઇ ખબર નથી. વધુમાં જણાવે છે કે તેઓ કોઇ પોલીસ સ્ટેશનમાં ગયેલ નહી કે આવી કોઇ સહી કરેલ નથી. આ સાહેદ ફરીયાદ પક્ષ પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય ફરીયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. સાહેદને પંચનામાની હકીકતને અનુરૂપ લીડીંગ પ્રશ્નો પુછતા તેવી હકીકતોનો સ્પષ્ટપણે ઇન્કાર કરેલો છે.

૧૧.૩ આમ, આ પંચસાહેદનો ઉપરોકત જુબાની પુરાવો ધ્યાને લઇ તેનું મૂલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કર્યા પછી પણ વિ. એ.પી.પી. શ્રી ની ઉલટ તપાસમાં પ્રોસીક્યુશનના કેસને બીલકુલ સમર્થન આપેલ નથી. જેથી આ પંચ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને સહેજપણ મદદરૂપ થઇ શકે તેમ નથી.

૧૧.૪ આમ, આંક– ૩૫ ના પંચનામાના પંચ નં. ૧ સાહેદનો ઉપરોકત જુબાની પુરાવો ધ્યાને લઇ તેનું મૂલ્યાંકન કરવામાં આવે તો, પુરાવા દરમ્યાન તેઓએ માત્ર મરનાર શાહરૂખના કપડાં કબજે લીધેલ હોવાની હકીકત જણાવેલ છે. તેમજ ફક્ત મર્હુમ શાહરુખને જ ઓળખતા હોવાનો પુરાવો આપેલ છે. જયારે આંક–૩૫ નુ પંચનામાની હકીકત વંચાણે લઇએ તો તે પંચનામુ આરોપીઓ જીશાન, મોહંમદસલીમ અને ફરદીનના કપડા કબજે લીધેલાનું તથા ત્રણેય આરોપીઓની વી.એસ. હોસ્પીટલમાં સારવાર દરમ્યાન લીધેલ બ્લડ સેમ્પલની બોટલ કબજે કરેલાનુ પંચનામુ છે. જયારે પુરાવામાં પંચસાહેદ મરનાર શાહરૂખના કપડા તેમની હાજરીમાં કબજે કરેલ તેવી હકીકત જણાવે છે, તેથી પંચસાહેદ તેમના પુરાવામાં અલગ જ હકીકત જણાવે છે. આમ, સદર પંચસાહેદની હાજરીમાં આરોપીઓના કપડાં કબજે કરેલ હોય તેવુ જણાઇ આવતુ નથી. તે હકીકતમાં આરોપીઓના કપડા કબ્જે કરવાની કામગીરી તથા તેઓના બ્લડ સેમ્પલ્સ કબ્જે કર્યાની કામગીરી અંગે આંક–૩૫ ના પંચનામાની વિગતે પ્રોસીક્યુશનના કેસને સહેજપણ સમર્થન આપેલ નથી. તેમજ સદર મહત્વની હકીકત સંબંધે સદર પંચનામા તથા સાહેદના જુબાની પુરાવામાં મહત્વનો વિરોધાભાષ અને વિસંગતતા રેકર્ર્ડ ઉપર આવેલ છે. જેને કારણે સદર પંચ સાહેદનો પુરાવો આધારભૂત, વિશ્વાસજન્ય અને કુદરતીક્રમમાં રેકર્ડ ઉપર આવેલાનું પુરવાર થતુ નથી. તેમજ સદર પંચનામાના બીજા પંચ સાહેદે પ્રોસીક્યુશનના કેસને સહેજ પણ સમર્થન આપેલ નથી. તે હકીકતમાં આંક–૩૫ થી રજુ આરોપીઓના કપડા તથા બ્લડ સેમ્પલ્સ નિયમ મુજબ યોગહય કાર્યવાહી કરીને કબ્જે લીધેલાની હકીકત શંકારહીત પુરવાર કરવામાં પ્રોસીક્યુશન નિષ્ફળ ગયેલ છે.

**૧૨.** પ્રોસીકયુશન તરફે પંચસાહેદ મહંમદઆરીફ મહમદરફીક શેખને સાહેદ નં. ૪ તરીકે આંક–૪૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેમાં તેમણે એવો પુરાવો આપેલો છે કે, તેમને વેજલપુર પોલીસ સ્ટેશન પોલીસે બોલાવેલ અને મરનાર શાહરૂખભાઇના કપડા અને બ્લડ સેમ્પલ પોલીસ હોસ્પીટલથી લાવેલ તે એક ટી શર્ટ અને પેન્ટ અને બ્લડ સેમ્પલની બોટલ હતી તે બાબતનુ લખાણ કરી તેમની સહી કરાવેલ અને તેમની સાથે પંચમાં ઈરફાનખાન દાઉદખાન મકરાણી હતા અને પંચનામામાં તેમની પંચ નં.૧ અને ઈરફાનખાનની પંચ નં.૨ તરીકેની સહી ઓળખી બતાવી આંક–૪૩ થી પંચનામુ રજુ કરેલ છે. સાહેદ મુદામાલ આર્ટીકલ નં.૩ બ્લડ સેમ્પલની બોટલ અને મુદામાલ આર્ટીકલ નં.૪ ના કપડા તેમની રૂબરૂ કબજે કરેલાનુ જણાવે છે.

૧૨.૧ સદર પંચસાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ મોડાસા ખાતે રહે છે અને શાહરૂખ તેમનો ભત્રીજા જમાઇ થતો હોય તેના મૃત્યુ પ્રસંગે વેજલપુર આવેલા ત્યારે શાહરૂખના ભાઈ સાથે પોલીસ સ્ટેશનમાં ગયેલ અને ત્યાં તેમની હાજરીમાં પોલીસે બધી કાર્યવાહી કરેલ અને સહી કરેવાનુ કહેતા સહી કરેલી. સાહેદે એ હકીકત સ્વીકારેલ છે કે કપડા અને ફીયાલ કોણ કયાંથી લાવેલ તે કહી શકે નહી. સાહેદે વધુમાં તેમની ઉલટ તપાસમાં એવી હકીકત સ્વીકારેલ છે કે પંચનામાનો ચોકકસ દિવસ કે સમયગાળો તેઓ દર્શાવી ના શકે તેમજ કપડા બતાવેલ તેના જેવા જ કપડા બજારમાંથી સહેલાઇથી મળી શકે તેવા હતા અને તેમને પોલીસે કહેલુ કે આ શાહરૂખના કપડા છે બાકી તેઓએ કયારેય શાહરૂખના કપડા જોયેલ ન હતા. આમ, મર્હુમની લાશ ઉપરથી સદર કપડાઓ કબ્જે લીધા હોય તેવો પુરાવો તેમની જુબાનીમાં રેકર્ડ ઉપર આવેલ નથી. તેથી વિરુધ્ધ તેઓ સદર કપડા મર્હુમના

જ છે તેવુ પોલીસે જણાવેલ હોવા માત્રથી જાણેલાનું ઉલટ તપાસમાં સ્પષ્ટપણે કબૂલેલ છે. તે હકીકતમાં સદર સાહેદની જુબાની થી મર્હુમના મરણ સમયના કપડાની ઓળખ સદર સાહેદની જુબાની થી શંકારહીત પુરવાર થયેલી માની શકાય નહીં. તેથી આ પંચ સાહેદનો પુરાવો પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થઇ શકે તેમ નથી.

**૧૩.** પ્રોસીકયુશન તરફે પંચસાહેદ સમીરખાન યાકુબખાન પઠાણને સાહેદ નં.૬ તરીકે આંક-૫૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેમાં તેમણે એવો પુરાવો આપેલો છે કે, ત્રણ ચાર વર્ષ અગાઉ વેજલપુર પોલીસે તેમને પોલીસ સ્ટેશનની બહાર બોલાવી એક લખેલા કાગળ ઉપર પંચ તરીકે સહી કરવાનુ કહેતા તેમણે સહી કરેલી, તે સિવાય બીજી કોઇ હકીકત જાણતા નથી. વધુમાં જણાવે છે કે, કાગળમાંનુ લખાણ તેમણે વાંચેલ ન હતુ અને નિ.૧૬/૨૭ વાળુ પંચનામુ બતાવતાં તેમાં પંચ નં.૨ તરીકે તેમની સહી ઓળખી બતાવી આંક-૫૨ થી પંચનામુ રજુ કરેલ છે. વધુમાં એવુ જણાવે છે કે વેજલપુર પોલીસ સ્ટેશનમાં પોલીસે તેમની હાજરીમાં ત્રણ કાચની સીલબંધ શીશીઓ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. આ સાહેદ આંક-૫૨ ના પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય ફરીયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. સાહેદને પંચનામાની હકીકતને અનુરૂપ લીડીંગ પ્રશ્નો પુછતા તેવી હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલો છે.

૧૩.૧ સદર પંચસાહેદની આરોપી પક્ષ તરફે કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

૧૩.૨ આમ, આ પંચસાહેદનો ઉપરોકત જુબાની પુરાવો ધ્યાને લઇ તેનું મૂલ્યાંકન કરવામાં આવે તો, પુરાવા દરમ્યાન તેઓએ લખેલા કાગળ ઉપર માત્ર સહી કરેલી તે સિવાય બીજું કશું જાણતા

નથી તેમજ તેમની હાજરીમાં ત્રણ સીલબંધ શીશીઓ કબજે કરેલ હોય તેવુ બનેલ ન હોવાનુ જણાવેલ છે. આ પંચસાહેદ આંક-પર ના આરોપીઓના સારવાર દરમ્યાન બ્લડ સેમ્પલ કબજે કર્યાના પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય ફરીયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. જેથી આ પંચ સાહેદનો પુરાવો પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થઇ શકે તેમ નથી.

**૧૪.** પ્રોસીકયુશન તરફે પંચસાહેદ અસ્માલીખાન અહેસાનખાન પઠાણને સાહેદ નં.૭ તરીકે આંક-પ૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેમાં તેમણે એવો પુરાવો આપેલો છે કે, દોઢ બે વર્ષ પહેલા વેજલપુર પોલીસે પંચમાં વિશાલા સર્કલથી આગળ બરફની ફેકટરી પાસે મેટ્રો બ્રીજની નીચે તેમને બોલાવતા ત્યાં હાજર થયેલ અને પોલીસ સાથે બીજા સાત આઠ માણસો હતા અને પોલીસે જણાવેલ કે એક મર્ડર થયેલ છે તે સંબંધે ગાડી અને કપડા કબજે લેવાના છે તેમ જણાવી ત્યાંથી કાળા કલરનુ પલ્સર મોટરસાયકલ અને કપડા કબજે લીધેલા અને મેટ્રો બ્રીજ સિવાય બીજી કોઇ જગ્યાએ ગયેલ નથી. નિ:૧૬/૨૪ થી રજુ પંચનામામાં તેમની પંચ નં.૧ તરીકે તેમની સહી ઓળખી બતાવી આંક-પપ થી પંચનામુ રજુ કરેલ છે. આ સાહેદ આંક-પપ ના પંચનામાની હકીકતને પુરેપુરુ સમર્થન આપતા ન હોય ફરીયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. સાહેદને પંચનામાની હકીકતને અનુરૂપ લીડીંગ પ્રશ્નો પુછતા તેવી હકીકતોનો સ્પષ્ટપણે ઇન્કાર કરેલો છે, પરંતુ પલ્સર મોટરસાયકલ તેમજ સ્ટીલની ધાતુવાળી છરી તેમની હાજરીમાં કબજે કરેલ હતી અને મુદ્દામાલ છરી ઓળખી બતાવે છે અને પંચસ્લીપોમાં તેમની સહી હોવાનુ જણાવી આંક-પ૬ થી આંક-પ૮ સુધી રજુ કરેલ છે.

૧૪.૧ સદર પંચસાહેદની આરોપીઓ પક્ષના વિ.વ.શ્રીએ ઉલટ

તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે વિશાલા મેટ્રો સ્ટેશન વિસ્તારમાં ખુબ ટ્રાફીક રહે છે. પોલીસે તેમને સવારના સમયે બોલાવેલ. સાહેદે એ હકીકત સ્વીકારેલ છે કે મેટ્રો બ્રીજની નીચેની જગ્યા ખુલ્લી છે અને ત્યાં પબ્લીક કચરો ફેંકે છે તેમજ મોટરસાયકલ બંધ હાલતમાં ત્યાં પડેલ હતુ અને કોણ રાખી ગયેલુ, કેવી રીતે પડેલુ તેની કોઇ માહિતી નથી. વધુમાં જણાવેલ છે કે, મેટ્રો બ્રીજની નીચે તેઓ કોઇપણ આરોપીને મળેલા નથી કે જોયેલા નથી. વધુમાં એ હકીકત સ્વીકારેલ છે કે પંચનામુ કરવાનો ચોકકસ સમય તેઓ જણાવી શકે નહી તેમજ પંચનામામાં શુ લખ્યુ છે તે શબ્દશ: યાદ નથી.

૧૪.૨ આમ, આ પંચસાહેદનો ઉપરોકત જુબાની પુરાવો ધ્યાને લઇ તેનું મૂલ્યાંકન કરવામાં આવે તો, તેઓ મેટ્રો બ્રીજની નીચે ગયેલા અને તેઓની હાજરીમાં મોટરસાયકલ તથા કપડા કબજે કરેલ છે તેમજ મુદામાલ છરી પણ તેમની રૂબરૂ કબજે કરેલાનુ જણાવે છે પરંતુ મેટ્રો બ્રીજની નીચે તેઓ કોઇ આરોપીને મળેલા નથી. તેથી કોઇ આરોપીએ તેમને હથિયારો કે વાહન બતાવેલ હોય તેવુ ફલિત થતુ નથી અને આંક-૫૫ ના પંચનામાની હકીકતને સંપૂર્ણ સમર્થન પ્રાપ્ત થયેલ ન હોય ફરીયાદ પક્ષને આરોપીઓ વિરુધ્ધના આક્ષેપોમાં મદદરૂપ થતા નથી.

**૧૫.** પ્રોસીકયુશન તરફે આંક- ૫૫ ના પંચનામાના બીજા પંચસાહેદ શાહદુલ્લાખાન રેદુલ્લાખાન પઠાણને સાહેદ નં.૮ તરીકે આંક-૫૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેમાં તેમણે એવો પુરાવો આપેલો છે કે, તેઓના સાળીના જમાઇ શાહરૂખભાઇ નુ મર્ડર થઇ ગયેલ હોય તેઓ વેજલપુર પોલીસ સ્ટેશનમાં ગયેલા જયાં તેમને એક લખેલા કાગળ ઉપર સહી કરવાનુ કહેતા તેમણે સહી કરેલી. આંક-૫૫ વાળા પંચનામામાં તેમણે પંચ નં.૨ તરીકે સહી કરેલી. સાહેદ વધુમાં જણાવે છે કે, તેમને વેજલપુર પોલીસ

કોઇ વાહનમાં બેસાડી બીજી જગ્યાએ લઇ ગયેલ હોય અને ત્યાં બીજી વ્યકિત પણ હાજર હોય અને કોઇ સ્થળ ઉપરથી હથિયારો કે વાહન કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. સાહેદ આંક–૫૬ થી આંક–૫૮માં પંચ નં.૨ તરીકે તેમની સહી હોવાનુ જણાવે છે. આ સાહેદ આંક–૫૫ ના પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય ફરીયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. સાહેદને પંચનામાની હકીકતને અનુરૂપ લીડીંગ પ્રશ્નો પુછતા તેવી હકીકતોનો સ્પષ્ટપણે ઇન્કાર કરેલો છે.

૧૫.૧ સદર પંચસાહેદની આરોપી પક્ષ તરફે કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

૧૫.૨ આમ, આ પંચસાહેદનો ઉપરોકત જુબાની પુરાવો ધ્યાને લઇ તેનું મૂલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ ફકત સહી કરેલી અને તેટલી હકીકત સિવાય પંચનામાની કોઇ હકીકત વિશે જણાવતા નથી. આંક–૫૫ ના પંચનામાની હકીકતને સંપૂર્ણ સમર્થન પ્રાપ્ત થયેલ  ન હોય ફરીયાદ પક્ષને મદદરૂપ કરતા નથી. આમ, આંક– ૫૫ ના પંચનામાના બંને પંચોએ પ્રોસીક્યુશનના કેસને આંક– ૫૫ ના પંચનામાની વિગતે આરોપી વિરુધ્ધ સમર્થનકારી પુરાવો આપેલ નથી.

**૧૬.** પ્રોસીકયુશન તરફે મરનારના પત્નિ ફરહાનાબાનુ શાહરૂખભાઇ શેખને સાહેદ નં.૯ તરીકે આંક–૫૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેમાં તેમણે એવો પુરાવો આપેલો છે કે, બનાવના બે વર્ષ પહેલાં તેમના પતિ શાહરૂખ અને જીશાન બંને મિત્રો હતા અને બનાવની જાણ થતા તેઓ વી.એસ.હોસ્પીટલમાં ગયેલા ત્યાં તેમના પતિ શાહરૂખને છાતીમાં અને શરીરમાં બીજી જગ્યાએ છરીઓ લાગેલી હતી અને સારવાર ચાલુ હતી અને તે કાંઇ બોલી શકતા ન હતા અને ડાકટરે મૃત જાહેર કરેલ. સાહેદ વધુમાં જણાવે છે કે તેના પતિને કોણે કોણે છરીઓ મારેલ તે વિશે

તેમને પાછળથી કાંઇ જાણવા મળેલુ નહી અને એવુ બનેલ નહી કે તેના પતિના મિત્ર મોહમ્મદ શરીફે તેમને બનાવ બાબતે તેમજ તેમના પતિને કેવી રીતે ઈજાઓ થયેલી અને કોણે કરેલી તે જણાવેલ નથી. આ સાહેદ ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપતા ન હોય ફરીયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. સાહેદને ફરીયાદની હકીકતને અનુરૂપ લીડીંગ પ્રશ્નો પુછતા તેવી હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલો છે.

૧૬.૧ સદર સાહેદની આરોપી પક્ષના વિ.વ.શ્રી દ્વારા કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

૧૬.૨ આમ, સાહેદનો ઉપરોકત જુબાની પુરાવો ધ્યાને લઇ તેનું મૂલ્યાંકન કરવામાં આવે તો, સાહેદ એ મરનાર શાહરૂખભાઇના પત્ની છે અને તેઓને બનાવની જાણ થતા તેઓ સીધા હોસ્પીટલમાં ગયેલા પરંતુ કેવી રીતે બનાવ બનેલ અને શું બનાવ બનેલ તે વિશે કોઇ જ હકીકત જણાવેલ નથી. સાહેદ તેમના પુરાવા દ્વારા તેમનાજ પોલીસ રુબરુના આરોપીઓ વિરુધ્ધના આક્ષેપોની હકીકતોને લેશમાત્ર સમર્થન કરતા ન હોય ફરીયાદ પક્ષને મદદરૂપ કરતા નથી.

**૧૭.** પ્રોસીકયુશન તરફે ફરીયાદી સોએબખાન રીયાઝુદીન પઠાણને સાહેદ નં.૧૦ તરીકે આંક–૬૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેમાં તેમણે એવો પુરાવો આપેલો છે કે, અઢી ત્રણ વર્ષ પહેલાં તેઓ તેમના મિત્ર શાહરૂખ અને શરીફ એકસેસ ટુ વ્હીલર પર બરફની ફેકટરી પાસેથી જતા હતા ત્યારે અકસ્માત થયેલ અને સામાવાળા વાહન સાથે બોલાચાલી થયેલી અને તે દરમ્યાન માણસો ભેગા થઇ ગયેલ અને શાહરૂખને છરી વાગેલી. શાહરૂખને છરી કોણે મારેલી તેમની ખબર નથી. બનાવમાં ટુ વ્હીલર તેના પગ પર પડતા જમણા પગે ઈજા થયેલી. શાહરૂખને વધારે ઈજા થતા તેઓ અને શરીફ શાહરૂખને રીક્ષામાં

વી.એસ.હોસ્પીટલ લઇ ગયેલા અને શાહરૂખની સારવાર ચાલુ હતો અને તે બેભાન અવસ્થામાં હતો અને બનાવની ફરીયાદ વેજલપુર પો.સ્ટે. સાહેદે આપેલી. આ ફરીયાદી સાહેદ ફરીયાદ પક્ષની હકીકતે ફરીયાદ હકીકત મુજબ આરોપી વિરુધ્ધના આક્ષેપોને સમર્થનકારી પુરાવો આપતા ન હોય ફરીયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. સાહેદને ફરીયાદની હકીકતને અનુરૂપ લીડીંગ પ્રશ્નો પુછતા તેવી હકીકતોનો સ્પષ્ટપણે ઇન્કાર કરેલો છે.

૧૭.૧ સદર સાહેદની આરોપી પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. તેમાં તેમણે એ હકીકત સ્વીકારેલ છે કે વિશાલા બરફની ફેકટરીવાળો વિસ્તાર બનાવ સમયે ખુબ અંધારાવાળો હતો અને કોઇ લાઇટ ન હતી અને બુમ બરાડા થતા સો માણસો ભેગા થઇ ગયેલા અને વી. એસ. હોસ્પીટલમાં પણ માણસો ભેગા થઇ ગયેલા અને ત્યાં વેજલપુર પોલીસ આવેલી અને બધાના નામ સરનામા લખતી હતી તેવી રીતે તેમનું પણ નામ સરનામુ લખેલુ પછી વેજલપુર પોલીસ સ્ટેશને તેમને સહી કરવા બોલાવી ટાઇપ કરેલા કાગળ ઉપર સહી કરાવેલી અને તે ટાઇપ કરેલો કાગળ વાંચેલ નહી કે પોલીસે વાંચી સંભળાવેલ નહી અને આ સિવાય બીજુ કાંઇ જાણતા નથી અને પોલીસે ફકત સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી આપેલી.

૧૭.૨ હવે, આ કામે આંક–૬૮ થી રજુ થયેલ ફરીયાદની હકીકત જોઇએ તો, એવુ જણાવેલ છે કે, ''મારો મીત્ર શાહરૂખ સ/ઓફ અમીરુદ્દીન શેખ ઉવ.૨૬ રહે.મ.ન.૯૨ બાગે બદર સોસાયટી કસ્વાપાર્કની અંદર ઇબ્રાહિમ મસ્જીદ પાસે ફતેવાડી કેનાલ પાછળ વેજલપુર અમદાવાદ ખાતે રહે છે તેને છેલ્લા બે દિવસથી જીસાન તાજમહમદ અન્સારી રહે. લાલબાગ સોસાયટી મસ્તાન મસ્જીદ પાછળ ફતેવાડી નાઓની સાથે જુની અદાવત ચાલતી હતી તેવી

વાત મને મારા મીત્ર શાહરૂખે કરેલ હતી આજ રોજ તા:૦૩/૧૧/૨૦૨૧ ના રાત્રીના આશરે બે વાગ્યાના સુમારે હુ તથા મારો મીત્ર શાહરૂખ અમીરુદ્દીન શેખ તથા મોહમદ સરીફ અસ્પાક હુસેન શેખ અમો ત્રણેય જણા મારા મીત્ર આદીલ દિવાન રહે: બીસમીલ્લા સોસાયટી ફારૂકે આઝમ સ્કુલની પાસે ફતેવાડી ખાતે રહે છે જેના ત્યા શાહરૂખના એકસેસ ઉપર અમો ત્રણેય જણા બેસી જતા હતા આ વખતે એકસેસ હુ ચલાવતો હતો વચ્ચે શાહરૂખ બેસેલ હતો અને તેની પાછળ મોહમદ સરીફ બેસેલ હતો ત્યારે અમો વીશાલા શર્કલથી બરફની લેકટરી આગળ હુસેની પાર્ક સોસાયટી વિભાગ-૨ આગળ A TO Z નામની દુકાન આગળ પહોંચતા ત્યા જીસાન તથા તથા તેનો મીત્ર સલીમ ઉર્ફે ડાન્સર તથા બીજો એક ઇસમ એક મોટર સાઇકલ ઉપર તથા બીજા ત્રણ ઇસમો બીજા મોટર સાઇકલ ઉપર આવેલ અને જીસાને મારી પાસે આવી મારી ચાલુ એકસેસને લાત મારી પાડી દિધેલ અને તેઓ અમોને મારવા આવતા અમો ત્યાથી ભાગવા જતા જીસાન તથા સલીમ ઉર્ફે ડાન્સરનાઓએ શાહરૂખને પકડેલ તથા બીજા ઇસમોએ મને તથા સરીફને પકડી રાખેલ અને જીસાન તથા સલીમ ઉર્ફે ડાન્સર બન્નેએ શાહરુખને મોઢાના ભાગે ડાબી આંખના નીચેના ભાગે, ડાબા કાનની ઉપરના ભાગે, ડાબા ગાલ ઉપર, છાતીની જમણી બાજુ તથા પડખાના ભાગે, પેટના ભાગે, તેમજ જમણી બાજુ થાપાના ભાગે મારી નાખવાના ઈરાદે છરીઓના જીવલેણ ઘા મારેલ હતા તેમની સાથે આવેલ ઈસમો માંથી બે ઈસમો પાસે ડંડા હતા જીસાને મને પણ બે લાફા મારેલ હતા તેમજ એક્સેસ પરથી પડી જતા શરીફને ડાબા પગે ઈજા થયેલ છે અને આ બધા બુમો પાડતા હતા કે આજે તો તને છોડવાનો નથી તને જાનથી મારી નાખવાનો છે તેમ કહી અમો બધાને ગંદી બિભત્સ ગાળો બોલતા આ વખતે હુ ત્યા જઇ

છોડાવવા જતા મને પણ ગંદી બિભત્સ ગાળો બોલવા લાગેલ પછી તેઓ ત્યાંથી જતા જતા જીસાન ફરીથી શાહરૂખ પાસે આવેલો તુ તારી દાદા ગીરી છોડી દેજે તેમ કહી ફરીથી શાહરુખના પીઠના પાછળના ભાગે તેમજ થાપાના ભાગે છરીઓથી ઘા મારેલ અને તેઓ તમામ ત્યાંથી તેમના ટુ વ્હીલર બાઈક લઈને ભાગી ગયેલ. ત્યારબાદ હુ તથા મારો મીત્ર મોહમદ સરીફ બંન્ને જણ શાહરૂખને એક રીક્ષામા બેસાડી વી.એસ.હોસ્પીટલ ખાતે લાવેલ ત્યાથી વધુ સારવાર માટે અત્રે એસ.વી.પી હોસ્પીટલ ખાતે લાવેલા જ્યા તેની સારવાર ચાલુ છે અને તે હાલમાં બેભાન અવસ્થામા છે તેની સાથે અમો બન્ને તથા તેનો સગો ભાઇ અઝરુદીન શેખ નાઓ પણ હાજર છે જેથી મારી આ જીસાન તથા સલીમ ડાન્સર તથા બીજા ચાર અજાણ્યા ઇસમો વિરૂધ્ધ કાયદેસર થવા ફરીયાદ છે.''

૧૭.૩ આમ, ફરીયાદી સાહેદનો ઉપરોકત જુબાની પુરાવો ધ્યાને લઇ તેનું મૂલ્યાંકન કરવામાં આવે તો, સદર સાહેદ પ્રોસીક્યુશનના કેસના મુખ્ય સ્ટાર વિટનેસ અને નજરે જોનાર સાહેદ છે સાથોસાથ ફરીયાદ પણ તેમણે જ આપેલ છે. તેમજ તેઓ મર્હુમના મિત્ર થાય છે તેમછતાં આંક-૬૮ વાળી ફરીયાદ મુજબનુ એક પણ કથન એકપણ આરોપી વિરુધ્ધ તેઓએ પુરાવામાં જણાવેલ નથી. પોલીસ રુબરુની ફરીયાદમાં તેમણે ફરીયાદી કે જેઓ પોતે બનાવ નજરે જોનાર એટલે કે બનાવ સમયે બનાવ સ્થળે હાજર હતા તેવા સાહેદ હોવા છતાં આંક-૬૮ની ફરીયાદમાં જે બનાવ બનેલાનુ જણાવેલ છે તેના કરતાં કંઇક અલગ જ હકીકત તેમના મૌખિક પુરાવામાં જણાવેલ છે અને બનાવમાં આ કામના આરોપીઓએ મારેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી અને અકસ્માત થયેલ હોવાનુ જણાવેલ છે અને ભેગા થયેલા માણસો પૈકી કોણે મારેલ તે ખબર ન હોવાનુ

જણાવેલ છે. આમ, સદર સાહેદ કે જેઓ એક નજરે જોનાર તેમજ બનાવમાં ઈજા પામનાર તેમજ મરનારના મિત્ર અને ફરીયાદી હોવા છતાં ફરીયાદ હકીકતથી તદ્દન વિરોધાભાસી, વિપરીત અને વિસંગત હકીકતો જણાવેલ છે અને ફરીયાદ મુજબનુ કોઈ કથન જણાવેલ નથી. આમ, ખુદ ફરીયાદી તેમના પુરાવા દ્વારા ફરીયાદની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા નથી અને તે હકીકતમાં પ્રોસીક્યુશન ક્રિ. પ્રો. કોડ કલમ- ૧૫૪ મુજબની ફરીયાદ હકીકત આરોપીઓ વિરુધ્ધ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે.

૧૮. હવે પ્રોસીકયુશન તર્ફે ઓળખ પરેડ કરનાર એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રમણભાઈ સેંધાભાઈ સોલંકીને સાહેદ નં. ૧૧ તરીકે આંક-૭૧ થી તપાસવામાં આવેલા છે. તેમાં તેમણે એવો પુરાવો આપેલ છે કે, તેઓ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા.૨૩/૧૧/૨૦૨૧ના રોજ પી.આઈ.શ્રી વેજલપુરે લખેલ ઓળખ પરેડ કરવા બાબતે તારીખ સમય અને સ્થળની માંગણી કરતા તા.૦૨/૧૨/૨૦૨૧ના રોજ ઓળખ પરેડ કરવા સારુ પી.આઈ.શ્રીએ વિનંતી કરતા ૧૪-૦૦ કલાકે આરોપીઓની ઓળખ પરેડ કરવા ફરીયાદીને રજુ કરવા જરુરી સુચના આપેલ, તા. ૦૨/૧૧/૨૦૨૧ ના ૧૪-૦૦ કલાકે પટાવાળા મારફતે બે ભણેલા પંચોને કોર્ટ રૂમમાં બોલાવેલ અને આરોપીઓ જેવા ૨૨ ડમી માણસોને પટાવાળા મારફતે કોર્ટ રૂમમાં બોલાવેલ. તમામ આરોપીઓને તેમના નામ-સરનામા પુછતા (૧)ફરદીન, (૨)અદનાન, (૩)ઉસ્માનગની, (૪)સદ્દામ જણાવેલ. ત્યારબાદ આ કામના ફરીયાદી સોએબ રીયાઝુદ્દીન પઠાણ ૧૪-૩૦ કલાક વાગે આવતા તેને કોર્ટ રૂમની બાજુમાં આવેલા રૂમમાં તેમને બેસાડેલ, ત્યારબાદ ચારેય આરોપીઓને જોયા બાદ શરીરે તેમના જેવો બાંધો, દેખાવ, ઉંચાઈ ધરાવતા બહારથી બોલાવેલ તમામ ડમી

ઈસમો ૧થી૧૧ અને ૧૨ થી ૨૧ એમ બે ઉભી લાઈનમાં ઉભા રહી ગયેલ. બાદમાં આ કામના આરોપીઓને ઉભેલ માણસોની લાઈનમાં તેમની મનપસંદ જગ્યાએ ઉભા રાખતા પહેલા તેમણે પહેરેલ કપડા બદલવાની ઈચ્છા વીશે પુછતા તેમણે તેમ કરવાની ના પાડેલ. બાદમાં આરોપી નં.૧ લાઈનમાં અનુ.નં.૪ અને ૫ વચ્ચે, આરોપી નં.૨ લાઈનમાં અનુક્રમે ૭ અને ૮ વચ્ચે, આરોપી નં.૩ લાઈનમાં અનુક્રમે ૧૧ અને ૧૨ વચ્ચે જ્યારે આરોપી નં.૪ અનુક્રમ નં.૨૦ અને ૨૧ વચ્ચે ઉભા રહી ગયેલ. આ કામના આરોપીઓને વેજલપુર પોલિસ સ્ટેશનના સરકારી વાહનમાં પોલિસ સ્ટાફના માણસો સાથે લાવેલા. તેમની ફરીયાદીથી આમને સામને ઓળખાણ કરાવવામાં આવેલ કે કેમ તો તેમણે ના પાડેલ. ત્યારબાદ આ કામના ફરીયાદીને પટાવાળા મારફતે બહારથી કોર્ટ રૂમમાં બોલાવતા તેઓ કોર્ટ રુમમાં આવતા તેમને તેમનું નામ સરનામું પુછતા સોએબખાન રીયાઝુદ્દીન પઠાણ જણાવેલ. ત્યારબાદ આ કામના ફરીયાદીને ઓળખ પરેડની સમજ આપી જણાવેલ કે આ કામના આરોપીઓ ઉભેલ માણસોની લાઈનમાં ઉભા છે જો તમો તેમને ઓળખતા હોય તો લાઈન નજીક જઈને દરેકના મો જોતા જોતા આગળ વધીને ઉભેલ માણસોની લાઈનમાંથી આરોપીઓને બહાર કાઢી ઓળખી બતાવો તો ફરીયાદી ઉભેલ માણસોની બંને લાઈનમાં નજીક જઈને દરેકના મો જોતા જોતા આગળ વધીને ચાર ઈસમોને બહાર કાઢેલ હતા. બહાર કાઢેલ ઈસમોને તેમના નામ, સરનામા પુછતા આરોપી નં.(૧)ફરદીન, આરોપી નં.(૨) અદનાન, આરોપીનં.(૩)ઉસ્માનગની, આરોપીનં.(૪)સદ્દામ નામ જણાવેલ. ત્યારબાદ ફરીયાદીને લાઈનમાંથી બહાર કાઢેલ ઈસમોની ઓળખ સંબંધમાં પુછતા જે હકીકત જણાવેલી તે પંચનામામાં લખી લીધેલ. આ કામની ઓળખ પરેડમાં ફરીયાદી આરોપીઓને

ઓળખી બતાવવામાં સફળ રહેલ હતા. આ કામની ઓળખ પરેડ બંધ બારણે, લાઈટના અજવાળામાં તથા ઓળખ પરેડ દરમિયાન બહારની કોઈ વ્યક્તિ કે પોલિસ સ્ટાફ કોર્ટ રૂમમાં હાજર નહતા. ઓળખ પરેડ પંચનામું બંને પંચોની રૂબરૂ સાહેદના સ્વહસ્તાક્ષર માં કરેલ હતું, ઓળખ પરેડ પંચનામાની એક નકલ તપાસ અધીકારીશ્રીને આપેલ અને અસલ ઓળખ પરેડ પંચનામું સાથે લાવેલ છે, જેમાં બંને પંચોની અને રૂબરૂમાં સાહેદની સહી ઓળખી બતાવી આંક−૭ર થી રજુ કરેલ છે. વેજલપુર પો.સ્ટે.ના પી.આઈ. એચ.જી.પલ્લાચરીયાનાઓએ કરેલ અસલ યાદી આંક− ૭૩ થી રજુ કરેલ છે તેમજ યાદી આંક−૭૪ થી રજુ કરેલ છે. ફરીયાદીએ જે ચાર આરોપીઓને લાંબો સમય થઇ ગયેલ હોવાના કારણે ઓળખી શકે નહી.

**૧૮.૧** સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, ફરીયાદીને ઓળખ પરેડ માટે પોલીસ ઇન્સ્પેકટર લઇને આવેલા અને ઓળખ પરેડ પંચનામામાં જે પંચ તરીકે બતાવ્યા છે તે વેજલપુર વિસ્તારના છે અને કોર્ટ કંપાઉન્ડમાં હાજર વ્યકિત પોલીસ વાહનમાંથી ઉતરતા વ્યકિતઓને આસાનીથી જોઇ શકે તેમ હોય છે અને ફરીયાદી આ કંપાઉન્ડમાં ચોકકસ કેટલા સમય પહેલા આવેલા તે બાબતે ફરીયાદીને પુછપરછ કરેલી નથી.

**૧૮.૨** સદર એકઝીકયુઝીવ મેજીસ્ટ્રેટશ્રીનો મૌખિક પુરાવો ધ્યાને લઇ તેનુ મૂલ્યાંકન કરવામાં આવે તો, સદર સાહેદે આરોપીઓની ઓળખ પરેડ પંચોની રૂબરૂ ફરીયાદી પાસે કરાવેલ તે સમયે ફરીયાદીએ આ કામના આરોપીઓ નં.૧ થી ૪ નાઓને ઓળખી બતાવેલ છે પરંતુ આ કામના ફરીયાદીએ તેમના આંક−૬૭ ના મૌખિક પુરાવામાં આરોપીઓને ઓળખી બતાવેલ નથી તેમજ ફરીયાદ મુજબની કોઇ જ હકીકત જણાવેલ નથી. વિ.

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટના કોર્ટ રુબરુના જુબાની પુરાવાથી આંક–૭૨ ના ચાર આરોપીઓના ઓળખપરેડના પંચનામાને સમર્થનકારી પુરાવો તો આપેલ છે. પરંતુ, સદર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીના કોર્ટ રુબરુના જુબાની પુરાવા તથા તેમની જુબાનીમાં આંક– ૭૨ થી રજુ આરોપીઓના ઓળખ પરેડના પંચનામાની કોડપણ હકીકતોને મૂળ ફરીયાદી– સાહેદ નં. ૧૦ ના આંક– ૬૭ થી રજુ કોર્ટ રુબરુના જુબાની પુરાવાથી સહેજપણ સમર્થન પ્રાપ્ત થતુ નથી. તેમણે તેવી કોઇ ઓળખ પરેડની કાર્યવાહી થયેલાનો કે તેમણે તેવી કાર્યવાહીમાં હાલના આરોપીઓને ઓળખી બતાવેલાનો પણ કોડ જ પુરાવો આપેલ નથી. વધુમાં હાલના સાહેદે પણ આરોપીઓને કોર્ટ રુબરુ પણ ઓળખી બતાવેલ નથી. તેજ રીતે મૂળ આરોપી સાહેદ નં. ૧૦ ના પણ કોર્ટ રુબરુની જુબાનીમાં પણ આરોપીઓને ઓળખી બતાવેલ નથી. આમ, હાલના આરોપીઓને પ્રસીક્યુશનના અતિ મહત્વના સાહેદ એવા ફરીયાદી કે જેઓ બનાવ સમયે હાજર હતા અને તેઓએ ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપીઓને ઓળખી બતાવેલ છે તેમ છતાં ફરીયાદી તેમજ હાલના ઓળખ પરેડ કરાવનાર અધિકારી હાલના આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા નથી તેથી ફરીયાદ પક્ષનો કેસ નબળો પડી જાય છે અને કેસને અસરકારક સમર્થન પ્રાપ્ત થયેલ નથી. બીજી રીતે જોઇએ તો આંક–૭૨ ના આરોપીઓના ઓળખ પરેડના પંચનામાની હકીકતો અને કાર્યવાહી અંગે વિ. એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મૂળ ફરીયાદીના જ કોર્ટ રુબરુના જુબાની પુરાવામાં પરસ્પર મહત્વના વિરોધાભાષ, વિસંગતતા અને વિપરીતતા જોવા મળેલ છે. જેને કારણે આરોપીઓના ઓળખ પરેડના પંચનામાની કાર્યવાહીની વિશ્વસનીયતા સામે વ્યાજબી શંકા ઊભી થાય છે. તે હકીકતમાં સદર આરોપીઓનું ઓળખ

પરેડનું પંચનામું તેનજ કોર્ટ રુબરુની ઓળખ પણ સદર બંને સ્ટાર સાહેદોની જુબાની પુરાવાથી શંકારહીત પુરાવાર થયેલ કાયદેસર માની શકાય તેમ નથી અને તેનો કારદેસર શંકાનો લાભ આરોપીઓને મળવાપાત્ર થાય છે, તેમ પણ હું નમ્રપણે માનું છું.

**૧૯.** હવે પ્રોસીકયુશન તરફે મરનારના મિત્ર અને બનાવ નજરે જોનાર સાહેદ મોહમ્મદ શરીફ અસ્ફાકહુસેન શેખને સાહેદ નં.૧૨ તરીકે આંક–૭૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેમાં તેમણે એવો પુરાવો આપેલો છે કે, બનાવ ત્રણ ચાર વર્ષ પહેલા બનેલો, તે દિવસે તેઓ, તેમનો મિત્ર શાહરૂખ અને સોયેબ ત્રણ જણા સુઝુકી એકસેસ લઇને ગયેલ ત્યારે એકસીડન્ટ થતા ત્રણેય જણા પડી ગયેલ અને તેમને પગના ભાગે ઈજા તેમજ શાહરૂખ અને સોએબને પણ ઈજા થયેલ અને તે વખતે ઘણા બધા લોકો ભેગા થઇ ગયેલ અને શાહરૂખને ઈજા થતા હોસ્પીટલ લઇ ગયેલ અને તેઓ હોસ્પીટલ ગયેલ નહી અને પાછળથી જાણવા મળેલ કે તેનુ સારવાર દરમ્યાન મરણ થયેલ. સાહેદ વધુમાં જણાવે છે કે, એવુ બનેલ નહી કે તેઓ જે વ્યકિતઓને જાણે છે તે વ્યકિતઓએ ભેગા થઇ તેઓને માર મારેલ તેથી ઈજા થયેલ અને તેમની સુઝુકી એકસેસને અકસ્માત થયેલ ન હતો. આ સાહેદ ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપતા ન હોય ફરીયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. સાહેદને ફરીયાદની હકીકતને અનુરૂપ લીડીંગ પ્રશ્નો પુછતા તેવી હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલો છે.

૧૯.૧ સદર સાહેદની આરોપી પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. તેમાં તેમણે એ હકીકત સ્વીકારેલ છે કે પોલીસે તેમને માત્ર નામ સરનામુ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછયુ નથી કે સાહેદે પોલીસને કાંઇ લખાવ્યુ નથી. વધુમાં જણાવેલ છે કે પોલીસે સાહેદને માત્ર તેમના

કુટુંબની વિગત પુછેલી તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહી.

૧૯.૨ સદર સાહેદના મૌખિક પુરાવા ધ્યાને લઇ તેનુ મૂલ્યાંકન કરવામાં આવે તો, સદર સાહેદ પણ બનાવ સમયે બનાવ સ્થળે મરનાર અને ફરીયાદી સાથે હાજર હતા અને ફરીયાદ હકીકત મુજબ તેઓ ત્રણેય જણા એકસેસ પર જતા હતા પરંતુ સદર સાહેદે બનાવ સમયે તેઓ, મરનાર શાહરૂખ અને સોએબ એકસેસ પર જતા હતા તેટલી જ હકીકતને સમર્થન આપેલ છે અને બનાવમાં કોઇ મારામારી થયેલ હોય તેમ જણાવેલ નથી પરંતુ અકસ્માત થતા તેઓને તથા મરનાર શાહરૂખ અને સોએબને ઇજા થયેલાનુ જણાવેલ છે. વધુમાં સાહેદે કોઇપણ આરોપીઓને ઓળખી બતાવેલ નથી. આમ, સદર સાહેદે પોતાના પોલીશ રુબરુના નિવેદન કે ફરીયાદ હકીકત મુજબનુ કોઇ કથન જણાવેલ નથી અને વિરોધાભાસી હકીકત જણાવે છે અને તેથી ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી કે મદદરૂપ થતા નથી.

**૨૦.** ત્યારબાદ પ્રોસીકયુશન તરફે મરનારનુ પી. એમ. કરનાર ર્ડા. ચિંતન મહેશકુમાર જાનીને સાહેદ નં.૧૩ તરીકે આંક-૭૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેમાં તેમણે એવો પુરાવો આપેલો છે કે, તા.૦૩/૧૧/૨૦૨૧ નારોજ તેઓ વી.એસ. જનરલ હોસ્પિટલ અમદાવાદ ખાતે પોસ્ટમોર્ટમ વિભાગમાં વેજલપુર પો.સ્ટે.ના પી.આઇ. શ્રી એચ.જી.પલ્લાચરીયા દ્વારા ૨૮ વર્ષના પુરુષ નામે શાહરૂખ સ/ઓ. અમીરુદ્દીન શેખનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે બપોરના ૨:૦૫ વાગે લાવતા સાહેદે બપોરના ૨:૧૫ વાગે શરૂ કરેલ. વધુમાં જણાવેલ છે કે મૃતદેહ પર પાછળના ભાગે સફેદ સર્જીકલ ડ્રેસીંગ હતુ અને જમણા હાથના આગળના ભાગે નામ લખેલ સ્લીપ લગાડેલ હતી. મૃતદેહની બંને આંખો બંધ તથા મો અર્ધખુલ્લુ અવસ્થામાં હતુ. મૃતદેહ ઉપર કોલમ નં.૧૭ માં દર્શાવેલ તમામ ઇજાઓ ઘા સ્વરૂપની હતી અને તેમાંથી

ઉંડા ઘાની ઈજાઓમાંથી રકતસ્ત્રાવ જોવા મળેલો અને સિવાય કોઈ પ્રકારનુ ફ્રેકચર જોવા મળેલ નહી. બ્લડનુ સેમ્પલ લઈ પેક કરી વેજલપુર પોલીસને સોંપેલ. જે યાદીને આંક–૮૦ આપવામાં આવેલ છે.

૨૦.૧ આ સાહેદ વધુમાં જણાવે છે કે, મૃત્યુનું કારણ ઈજાઓના લીધે આઘાત થવાથી થયેલ હતુ. સાહેદ જણાવે છે કે એકથી વધુ વ્યકિતઓ કોઈ વ્યકિતને છરીઓ જેવા હથિયારથી અને લાકડાના ડંડા જેવા હથિયારથી માર મારે તો કોલમ નં.૧૭માં જણાવેલ તમામ ઈજાઓ થઈ શકે.

૨૦.૨ સદર તબીબ સાહેદની આરોપી પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ ઈજાઓ સ્ટેબ વુન્ડ છે અને બંને બાજુના છેડાના ભાગે ચામડી કપાયેલ હતી અને આવી ઈજા બંને બાજુ ધારવાળા હથિયરથી સંભવી શકે તેમજ શોક ઘણા પ્રકારના હોય છે તેમજ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી કે પછીની તે બાબતે સરતપાસમાં કાંઈ લખાવેલ નથી. તેમજ મરનારના શરીર ઉપર થયેલી ઈજાઓ મૃત્યુના ચોકકસ કેટલા સમય પહેલાની હતી તેની કોઈ વિગત પી.એમ.નોટમાં જણાવેલ નથી. વધુમાં એ હકીકત સ્વીકારેલ છે કે પી.એમ. કરતી વખતે હથિયાર રજુ કરી કોઈ અભિપ્રાય લેવામાં આવેલ નથી અને પી.એમ. કરતા પહેલા યાદી અને ઈન્વેસ્ટ પંચનામુ મળેલ તેમાં આ બધી ઈજાઓ દર્શાવેલ હતી. આ કામના આરોપી નં.૨ અને ૩ દ્વારા ઉલટ તપાસ એડોપ્ટ કરેલ છે.

૨૦.૩ આમ, આ સાહેદના રજુ થયેલ ઉપરોકત પુરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો, આ સાહેદ એ મરણજનારનુ પી.એમ. કરનાર ડૉકટર સાહેદ છે. તેઓએ કરેલી તપાસ દરમ્યાન મોતનુ કારણ ઈજાઓના લીધે આઘાત થવાથી થયેલ હતુ.

તેઓના અભિપ્રાય મુજબ પી.એમ. દરમ્યાન જોવા મળેલ ઈજાઓ એક થી વધુ વ્યકિતઓ છરીઓ જેવા અને લાકડાના ડંડાથી થઇ શકે. ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રી દ્વારા થયેલી ઉલટ તપાસમાં આ તમામ ઈજાઓ પંચનામુ તથા યાદીમાં જણાવેલ હતી અને આ ઈજાઓ મૃત્યુ પહેલાંની હતી કે પછીની તેમજ મૃત્યુ પહેલા કેટલા સમય પહેલાંની હતી તે જણાવેલ નથી. આમ, આ તબીબ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં મર્હુમને તિક્ષ્ણ ધારવાળા હથીયારથી ઈજા થવાના કારણે મરણ જનારનુ મૃત્યુ નીપજેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર લાવવામાં પ્રોસીક્યુશન સફળ થયેલ છે. પરંતુ આ ઈજાઓ હાલના આરોપીઓ ધ્વારા કહેવાત હથીયારથી જ કરવામાં આવેલ હતી કે કેમ તે અંગે ફરીયાદી તથા અન્ય બનાવને નજરે જોનાર સાહેદના જુબાની પુરાવાથી હાલના મેડીકલ એવીડન્સને શંકારહીત મજબૂત સમર્થન પ્રાપ્ત થવું અનિવાર્ય છે. તેમજ તેના અભાવે મર્હુમની સદર મૃત્યુજન્ય ઈજાઓ અને હાલના આરોપીઓ અને તેઓ સાથેના કથીત હથીયાર વચ્ચે મહત્વની કડીરુપ પુવાવાના અભાવને કારણે કાયદેસર શંકાનો લાભ આરોપીઓને મળવાપાત્ર થાય છે, તેમપણ હું નમ્રપણે માનું છું.

**૨૧.** પ્રોસીકયુશન તરફે બનાવસ્થળનુ પરિક્ષણ કરનાર સાયન્ટીફીક ઓફીસર રશ્મિકાંત બાબુલાલ મજમુદારને સાહેદ નં.૧૪ તરીકે આંક–૮૫ થી સોગંદ પર તપાસવામાં આવેલા છે. તેઓ તેમના મૌખિક પુરાવામાં જણાવે છે કે, તા. ૦૩/૧૧/૨૧ ના રોજ ટેલીફોનીક મેસેજની વેજલપુર પો. સ્ટે. ના ૭૬૪/૨૦૨૧ ના કામે એ ટુ ઝેડ દુકાનની સામે જાહેર રોડ પર બરફની ફેકટરી પાસે, ફતેવાડી ટેસ્ટ પરિક્ષણની કીટ સાથે ગયેલ ત્યાં યાદી આપેલ અને ત.ક.અ.શ્રીએ બતાવેલ બનાવનુ સ્થળની ચર્તુદિશા જણાવી બનાવ સ્થળના ડામર રોડ પર ૧૬ x ૩૨ ઇંચના અનિયમીત આકારના ઘેરાવામાં સુકાઇ ગયેલ રતાશ પડતા ભુખરા

રંગના ડાઘની રૂધિરની પ્રાથમિક કસોટી માટે બ્લડ ડીટેકશન કીટ વડે કરતા રૂધિર અંગેનુ પરિણામ સકારાત્મક માલુમ પડેલુ. વધુમાં જણાવે છે કે, સ્થળ પર રોડની કીનારીએથી વાદળી કલરની સુઝુકી ટુ વ્હીલર જેની નંબર પ્લેટ આર.ટી.ઓ. નં. જીજે ૨૭ સી.પી.૭૩૬૦ છે અને તેની જમણી તરફના સાઇડના પડખા ઉપર સાઇડ લાઇટ નીચે ઘસરકાના નિશાનો તેમજ આગળના ટાયર પરના મજગાર્ડ પર જમણી તરફ અનિયમીત રીતે તીરાડો અને ગોબા પડેલુ હતુ અને બનાવવાળી જગ્યા પરથી કંટ્રોલ કોટન થ્રેડ અને રતાશ પડતા ભેખરા રંગના ડાઘ પરથી ઘસીને કોટન થ્રેડ કબજે લઇ એફ.એસ.એલ.માં મોકલવા સુચન કરેલ. સ્થળ પરિક્ષણ માટે મળેલી યાદી આંક–૮૬ થી અને સ્થળ પરિક્ષણ અહેવાલ આંક–૮૭ થી રજુ કરેલ છે.

૨૧.૧ સદર સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે તેમને મેસેજ મળ્યા પછી બનાવ સ્થળે સીધા ગયેલા અને બનાવ સ્થળ જાહેર રસ્તો હતો. એ હકીકતનો સાહેદે ઈન્કાર કરેલ છે કે તેઓ ગયા ત્યારે બનાવવાળી જગ્યા પોલીસે કોર્ડન કરેલી ન હતી. સાહેદ જણાવે છે કે જગ્યા તપાસ કરનાર અધિકારીએ બતાવેલી. સાહેદની આરોપી નં. ૨ અને ૩ ના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં એવી હકીકત જણાવેલ છે કે તેમના વાહનમાં આખી કીટ હોય છે. એ હકીકત સ્વીકારેલ છે કે કીટ અને પરિક્ષણના સાધનોમાં ઘણી વસ્તુઓની એક્ષપાયરી ડેટ હોય છે. સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે જે કીટના સાધનો યુઝ કર્યા તેની એક્ષપાયરી ડેટ ચેક કરેલ નથી.

૨૧.૨ સદર સાહેદનો મૌખિક પુરાવો ધ્યાને લઈ તેનુ મૂલ્યાંકન કરવામાં આવે તો તેમને બનાવ સ્થળ પરિક્ષણની યાદી મળતા તરત જ બનાવ સ્થળે ગયેલ અને ત્યાંથી રૂધિરના ડાઘા પર

ઘસીને કોટન થ્રેડ તથા કંટ્રોલ કોટન થ્રેડ તથા ટુ વ્હીલર વાહન કબજે લીધેલ. સુકાઇ ગયેલ રતાશ પડતા ભુખરા રંગના ડાઘની રૂધિરની પ્રાથમિક કસોટી માટે બ્લડ ડીટેકશન કીટ વડે કરતા રૂધિર અંગેનુ પરિણામ સકારાત્મક માલુમ પડેલુ અને કોટન થ્રેડને એફ.એસ.એલ.માં મોકલેલ. પરંતુ સદર પુરાવો એક્ષપર્ટ પુરાવા તરીકે ફક્ત પ્રાથમીક ગૌણ પુરાવો છે, જેને આખરી એફ.એસ.એલ. ના આખરી રિપોર્ટ થી તો સમર્થન પ્રાપ્ત થવુ જરૂરી જ છે, પરંતુ સાથોસાથ સદર બંને સાયન્ટીફીક ગૌણ પુરાવાઓને મર્હુમ સાથે બનાવ સમયે હાજર બનાવને નજરે જોનાર ફરીયાદી અને અન્ય નજરે જોનાર સાહેદોના જુબાની પુરાવા થી પણ નિઃશંક અને મજબૂત સમર્થન પ્રાપ્ત થવુ જરૂરી છે. તે હકીકતમાં સદર સાહેદનો પુરાવો, સ્થળ ઉપરના તેમના પ્રાથમીક બ્લડ ટેસ્ટના પરીણામ તથા એફ.એસ.એલ. ના આખરી રિપોર્ટને મૂળ ફરીયાદી તથા તેમની સાથેના અન્ય નજરે જોનાર સાહેદના જુબાની પુરાવા સાથે આનુસાંગીક પુરાવા તરીકે ધ્યાને લેવાના રહે છે.

૨૨. ત્યારબાદ પ્રોસીકયુશન તરફે મરનારની સારવાર કરનાર તબીબ સાહેદ ડૉ. ધારક દિનેશભાઇ મોદીને સાહેદ નં.૧૫ તરીકે આંક-૮૮ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેમણે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા. ૦૩/૧૧/૨૦૨૧ના રોજ સાહેદ અને ડો. ટ્વિન્કલ જીવાણી મેડીકલ ઓફીસર તરીકે એસ.વી.પી. હોસ્પિટલમાં ફરજ બજાવતા હતા ત્યારે આશરે વહેલી સવારે ૨-૫૦ એ.એમ. વાગ્યાના સુમારે દર્દી નામે શાહરુખ કમરુદ્દીન શેખ બેભાન અવસ્થામાં હોસ્પિટલ ખાતે આવતા ઈમરજન્સી વિભાગમાં દાખલ કરવામાં આવેલ હતા. તેમને લઈને તેમના મિત્ર મોહમ્મદ શેખ આવેલ હતા. તેઓએ હીસ્ટ્રીમાં જણાવેલ કે સામાવાળી પાર્ટી દ્વારા દસથી બાર લોકોના ટોળાએ ધારદાર

હથિયારો વડે વિશાલા આઈસ ફેકટરી જુહાપુરા પાસે તા.૦૩/૧૧/૨૦૨૧ના વહેલી સવારે ૧–૫૦ કલાકે શરીર ઉપર ઘણા બધા ઉંડા ઘા કરતા આ ઈજાઓ થયેલી. આ દર્દીને તપાસતા ઘણા બધા સ્ટેબ વુન્ડ એટલેકે ભોંકવાની ઈજાઓ હતી. દર્દી આવ્યા પછી અને વેન્ટીલેટર પર મુક્યા પછી તેમના બ્લડ રીપોર્ટ અને રેડીયોલોઝીકલ રીપોર્ટ કરાવ્યા હતા તેમાં છાતીના સીટી સ્કેનમાં જમણી સાઈડ લોહી અને હવા ભરાઈ ગઈ હોય તેવું જણાતું હતું. દર્દીને એન્ટીબાયોટીક, એન્ટીએન્ટાસીડ, વીટામીન કે વગેરે સારવાર આપેલી પરંતુ દર્દી આશરે સવારે ૮–૧૪ કલાકે તા.૦૩/૧૧/૨૦૨૧ના રોજ મૃત્યુ પામેલ, આ અંગેનુ સર્ટીફીકેટ તૈયાર કરેલું જે આંક–૮૯ આપવામાં આવે છે. સાહેદે આ ઈજા પામનારના શરીર ઉપર જોયેલી ઈજાઓ ધારદાર હથિયાર વડે સંભવી શકે તેવા પ્રકારની ઈજાઓ હતી. આ બધી ઈજાઓ ગંભીર પ્રકારની ઈજાઓ હતી અને મૃત્યુ નીપજાવવા માટે પુરતી આ ઈજાઓ હતી. સાહેદને મુદ્દામાલ આર્ટીકલ નંબર–૧૬ વાળી છરી અને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૫વાળો છરો બતાવતા દર્દીના શરીર ઉપર જોયેલી ઈજાઓ આવા હથિયારથી સંભવી શકે તેવું હથિયાર છે તેવો અભિપ્રાય આપેલ છે.

૨૨.૧ સદર તબીબ સાહેદની આરોપી પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ હકીકત સ્વીકારેલ છે કે સાહેદ અને ડો. ટ્વીન્કલ જીવાણીએ જે દર્દીને જોયેલા તેના શરીર ઉપર દસ ઈજાઓ જોવા મળેલી, તે સિવાય અમને કોઈ ઈજાઓ જોવા મળેલી નહી, સર્ટીફીટેકમાં ઈજાનો બાહ્ય કલર લખેલો નથી અને ઈજાની ઉંમર પણ લખેલી નથી, આ ઈજાઓ બંને બાજુની કિનારીએથી કપાયેલી ઈજાઓ હતી, સાહેદને મુદ્દામાલના જે બે હથિયારો બતાવેલા તે બંને બાજુએથી ધારવાળા હથિયારો નથી. સાહેદે વધુમાં એ હકીકત પણ

સ્વીકારેલ છે કે પોલિસે કોઈ ધારવાળા હથિયાર બતાવી ઈજા બાબતે અભિપ્રાય માંગ્યો હોય કે સાહેદે આપ્યો હોય તેવું કાંઈ બન્યું નથી. જો કોઈ વ્યક્તિ લોખંડના ધારદાર ઢગલા ઉપર પડે તો આવી ઈજા સંભવી શકે છે. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, સાહેદે દર્દીને તપાસેલા નથી કે તેમની હાજરીમાં કોઈ ઈજાઓની નોંધ કરી પ્રમાણપત્ર રજુ આપ્યું નથી. સદર સાહેદની ઉલટ તપાસને આરોપી નં. ૨ અને ૪ ના વિ. વ. શ્રીએ એડોપ્ટ કરેલ છે.

**૨૨.૨** સદર સાહેદના પુરાવાની હકીકત ધ્યાને લઈ તેનુ મૂલ્યાંકન કરવામાં આવે તો, સાહેદે મરનારની મૃત્યુ પહેલાં સારવાર કરેલ છે. પરંતુ મરનાર તેમની પાસે સારવાર માટે આવ્યા ત્યારે બેભાન અવસ્થામાં જ હતા અને હીસ્ટ્રી મરનારના મિત્રએ લખાવેલી પરંતુ આવી કોઇ જ હકીકત મરનારના આ મિત્ર સાહેદે તેમના કોર્ટ રુબરુના મૌખિક પુરાવામાં જણાવેલ નથી. આ કામે મરનારને થયેલ ઈજા કોણે કરી તેમાં સામાવાળા પાર્ટી એમ જણાવેલ છે, હિસ્ટ્રીમાં કોઇ સ્પેશીફીક નામ જણાવેલ નથી તેમજ કયા હથિયારથી મારેલ તે પણ જણાવેલ નથી. આમ, સદર સાહેદના પુરાવાથી મરનારને થયેલ ઈજાઓ આ કામના આરોપીઓએ કરેલ હોય અને તેના કારણે મૃત્યુ થયેલ હોવાની હકીકતને સદર સાહેદના પુરાવાથી સમર્થન મળતુ નથી. તે હકીકતમાં સદર મેડીકલ ઓફીસરના ગૌણ પુરાવાને પણ બનાવ નજરે જોનાર મૂળ ફરીયાદી અને તેમની સાથે હાજર અન્ય નજરે જોનાર સાહેદોના જુબાની પુરાવા સાથે આનુસાંગીક પુરાવા તરીકે ધ્યાને લેવાનો રહે છે. તેમજ આગાઉના પેરામાં સદર ફરીયાદી અને અન્ય નજરે જોનાર સાહેદોના પુરાવાઓનું કરેલ મૂલ્યાંકન ધ્યાને લેતા તેઓએ સદર ફરીયાદ હકીકત કે તેઓના પોલીસ નિવેદનો કે હાલના મેડીકલ એક્ષપર્ટ એવીડન્સ કે એફ.એસ.એલ. એક્ષપર્ટ એવીડન્સને સમર્થનકારી પુરાવો આપેલ નથી કે

પ્રોસીક્યુશનના આરોપીઓ વિરુધ્ધના ચાર્જશીટ મુજબના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી. તે હકીકતમાં સદર બનાવને નજરે જોનાર ફરીયાદી અને અન્ય નજરે જોનાર સાહેદોના જુબાની પુરાવા તથા તેની સામે એક્ષપર્ટ મેડીકલ એવિડન્સ અને એફ.એસ.એલ. રીપોર્ટ રુપી સાયન્ટીફીક પુરાવાઓ વચ્ચે પણ આરોપીને ગુન્હા સાથે જોડતી મહત્વની કડીરુપ પુરાવામાં મહત્વના વિરોધાભાષ, વિસંગતતા અને વિપરીતતા જોવા મળે છે કે જે ફક્ત ગૌણ એક્ષપર્ટ પુરાવાઓને આધારે અને નજરે જોનાર સાહેદોના સબળ અને સીધા મૂખ્ય સમર્થનકારી પુરાવાને અભાવે પ્રોસીક્યુશનના આરોપી સામેના કેસને ગુન્હા સાથે શંકારહીત સંકળાયેલ માની શકાય તેમ નથી તેમ પણ હું નમ્રપણે માનું છું. જેનો કાયદેસર શંકાનો લાભ આરોપીઓને મળવાપાત્ર થાય છે.

**૨૩.** હવે પ્રોસીકયુશન તરફે મુદ્દામાલ વાહન તથા કપડા કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ મોહંમદસલીમ ગુલામરસુલ શેખને સાહેદ નં.૧૬ તરીકે આંક–૯૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમના મૌખિક પુરાવામાં જણાવે છે કે, સાહેદને વેજલપુર પોલીસે સને ૨૦૨૧ ના અરસામા પંચ તરીકે વેજલપુર પો. સ્ટે. માં બોલાવેલ તે વખતે પોલીસે બીજા પંચ મોહસીનભાઈ નાઓને પણ બોલાવેલા. વેજલપુર પોલીસ બંને પંચો તથા બીજા ત્રણ ઈસમોને ગાડીમાં બેસાડી મેટ્રો બ્રીજની નીચે લઈ ગયેલા. બ્રીજની નીચેથી એક ટુ વ્હીલર સુઝુકી મળેલ હતી જે સુઝુકીની ડિકીમાં જેન્ટસના કપડા હતા અને સુઝુકીની બાજુમાં એક લાકડાનો ડંડો પડેલ હતો. પોલીસે ટુ વ્હીલર સુઝુકી લાકડીનો ડંડો તેમજ સુઝુકીની ડીકીમાં થઈ મળી આવેલ કપડા તમામ વસ્તુઓ લઈ ફરીથી ગાડીમાં બેસાડી વેજલપુર પો.સ્ટે લઈ ગયેલા અને ત્યાં પોલીસે પંચનામુંનું લખાણ કરી તેમની સહીઓ લીધેલી, જે નિ.૧૬/૨૬ થી રજૂ થયેલ પંચનામામાં તેમની સહી

ઓળખી બતાવી પંચનામાને આંક–૯૩ આપવામાં આવે છે. પોલીસે તેમની સાથે જે ત્રણ વ્યક્તિઓને ગાડીમાં બેસાડેલ તેમાંથી એકનું નામ અદનાન, એકનું સદામ હતુ અને તેમને ઓળખે છે તેમ જણાવતા આરોપીઓને તથા મુદ્દામાલ કપડાં બતાવતા પાંચ વર્ષ થઈ ગયા હોવાથી ઓળખી શકે તેમ નથી તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં.૨૫માંથી એક લાકડાનો ડંડો નીકળેલ તે ડંડો આ નહતો તેમ જણાવે છે જયારે તેમાંથી નીકળેલ પંચ સ્લીપમાં સાહેદની સહી હોવાનુ ઓળખી બતાવતા તેને આંક–૯૪ આપવામાં આવે છે.

૨૩.૧ સદર સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેઓએ એ હકીકત જણાવેલ છે કે તેઓ ૧૫–૨૦ મિનિટ પો.સ્ટે.માં બહાર બેઠો હતો અને શું કામગીરી કરતા હતા તે ખબર નથી. પછી તેઓ બ્લ્યુ કલરના ડબ્બામાં બેસી ચાર પોલીસવાળા, તે બે પંચ વેજલપુર બ્રીજ નીચે જવા નીકળી વીશાલા બાજુથી આ બ્રીજ નીચે ગયેલા હતા, તે જગ્યા ખુલ્લી જગ્યા હતી, ત્યાં લોકોની અવરજવર હતી. ત્યાં વેજલપુર બ્રીજ નીચે પોલીસે ૩૫–૪૦ મિનિટ કાર્યવાહી કરેલી પછી પો.સ્ટે. પાછા આવેલા. તે સમયે પોલીસે સાહેદનુ નામ, સરનામું પુછેલું અને સહી કરવાનું કહેતા સહી કરેલી. આ કામમાં મરણજનાર શાહરુખ ભાઈને અને તેના ભાઈ અજરુદ્દીનને ઓળખે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, પોલીસ તેમને કોઈ જગ્યાએ પંચમાં સાથે લઈને ગઈ જ નથી. સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે તેઓ કોઈ જગ્યાએ ગયા નથી અને પંચનામામાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલી.

૨૩.૨ સદર પંચસાહેદના પુરાવાની હકીકત ધ્યાને લઈ, પુરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો, સદર પંચસાહેદ પોલીસ સાથે બનાવવાળા સ્થળ પર ગયેલા અને ત્યાંથી મુદ્દામાલ વાહન,

કપડા તથા હથિયાર કબજે કરેલ હોવાની હકીકતને સમર્થન મળેલ છે પરંતુ સાહેદે તેવા મુદ્દામાલને આ કામે કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ નથી તેમજ આ કામે તેઓ પંચનામા માટે ગયેલ ત્યારે આ કામના આરોપીઓ તેમની સાથે હોવાની હકીકત જણાવેલ છે પરંતુ આ કામના કોઇ પણ આરોપીને તેઓએ ઓળખી બતાવેલ નથી. આમ, સદર સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરે છે પરંતુ પંચનામાની વિગતે જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તેની કોઇ હકીકતને સમર્થન કરેલ નથી અને અધૂરો પુરાવો રજુ કરેલ છે. એટલે કે તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલા તેટલી હકીકત સમર્થન કરેલ છે. પરંતુ સદર પંચનામાની સંપૂર્ણ હકીકતને સ્પષ્ટ અને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય ફરીયાદ પક્ષને મદદરૂપ નથી.

**૨૪.** હવે પ્રોસીકયુશન તરફે મરનારના ભાઇ અને પંચસાહેદ અઝરુદ્દીન અમીરુદ્દીન શેખને સાહેદ નં.૧૭ તરીકે આંક-૯૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ તા.૦૩/૧૧/૨૦૨૧ના રોજ બનેલો હતો તેઓ રાત્રિના ઘરે સુતા હતા ત્યારે આશરે દોઢેક વાગ્યાના અરસામાં સોએબનો ફોન આવેલો કે તારા ભાઈ શાહરુખને ઘણી બધી છરીઓના ઘા વાગેલ હોય વી.એસ.હોસ્પિટલ આવ. જેથી તેઓ વી.એસ.હોસ્પિટલ ગયેલો ત્યાં સોએબ અને બાબા બંને જણા મળેલા, તે લોકોએ જીશાન, ફરદીન, સલીમ ડાન્સર, ઉસ્માનગની, સદ્દામ, અદનાનનાએ શાહરુખને મારેલાનુ જણાવેલ અને પોલિસ સોએબ અને બાબાને પુછપરછ માટે પોલિસ સ્ટેશન લઈ ગયેલ અને તેઓ હોસ્પિટલમાં હાજર હતા, વી.એસ.હોસ્પિટલમાં શાહરુખને ઓક્સીઝન ઉપર રાખેલ હતો અને થોડા સમય માટે તેને હોશ આવતા સાહેદે શાહરુખ સાથે વાત કરેલ ત્યારે શાહરુખે સાહેદને જીશાન, ફરદીન અને સલીમ

ડાન્સર આ ત્રણ જણાના નામ રડતા રડતા બતાવેલ તેથી શાહરુખને જણાવેલ કે શાંત થઈ જા બધુ ઠીક થઈ જશે. શાહરુખે સાહેદને જણાવેલ કે આ ત્રણ જણાએ છરીના બહુ ઘા મારેલા છે ત્યારબાદ શાહરુખ સવારે ગુજરી ગયેલ હતો.

૨૪.૧ સાહેદ વધુમાં જણાવે છે કે, ફરદીન, જીશાન અને સલીમ ડાન્સર આ ત્રણ જણાને પોલિસે પકડેલ અને આરોપીઓને ઓળખે છે.

૨૪.૨ સદર સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેઓએ હકીકત સ્વીકારેલ છે કે, શાહરૂખ તેની પત્નિ સાથે અલગ રહેતો હતો તેમજ સીલાઈ અને રીક્ષા ચલાવવાનું કામ કરતો હતો. શાહરુખ ઉપર રીક્ષામાં બેસાડીને લોકોને લુંટી લેવાના કેસો પણ બનેલા હતા. સાહેદ જણાવે છે કે ફોન આવતા વી.એસ.હોસ્પિટલ ગયેલો. વી.એસ. હોસ્પિટલમાં પચીસ ત્રીસ માણસો પણ નહતા. સાહેદે એ હકીકત સ્વીકારેલ છે કે તેમના ભાઈની સારવાર ચાલુ હતી અને સારવાર દરમિયાન ડોક્ટરો કોઈને અંદર આવવા દેતા ન હતા. સાહેદ જણાવે છે કે તેઓ પહોચ્યા તેના અડધા પોણા કલાક પહેલા બનાવ બન્યો હશે, થોડીવાર પછી પોલિસ ત્યાં આવેલી હતી. એ વાત સ્વીકારેલ છે કે સોએબે પોલિસમાં ફરીયાદ લખાવેલી તેની ખબર છે. શાહરુખની બહુ લોકો સાથે દુશ્મની નહતી. સાહેદે એ હકીકત સ્વીકારેલ છે કે એ ટુ ઝેડ વાળી દુકાનવાળો વિસ્તાર અને વિશાલા બરફ ફેક્ટરીવાળો વિસ્તાર એ બંને વિસ્તારો અલગ અલગ વિસ્તારો છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેમનો ભાઈ ભાનમાં આવ્યો અને તેણે ત્રણ લોકોએ છરીથી માર માર્યાનું જે જણાવું છું તેવું ખરેખર કાંઈ જ બન્યું જ નહતું. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે મરણજનાર તેના ભાઈ થતા હોય તેથી ફરીયાદ કેસને મદદરુપ થવા ખોટો પુરાવો આપે છે.

૨૪.૩ સદર સાહેદના પુરાવાની હકીકત ધ્યાને લેતાં, પુરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો તેઓને બનાવની જાણ બનાવ બન્યા બાદ થયેલી છે અને તેઓ બનાવ સમયે ઘરે સુતેલા હતા. તેઓ સીધા વી.એસ.હોસ્પીટલ ગયેલ અને ત્યાં તેમના ભાઈ શાહરૂખને ભાન આવતા તેઓને શાહરૂખ સાથે વાત થયેલ અને તેણે આ કામના આરોપી જીશાન, સદ્દામ અને સલીમનુ નામ આપેલ છે. પરંતુ આ કામે મરનારની સારવાર કરનાર તબીબ સાહેદ ર્ડા. ધારક મોદીનો પુરાવો ધ્યાને લેતાં મરનાર બેભાન અવસ્થામાં હતા અને સતત સારવાર કરવા છતાં મૃત્યુ પામેલ અને તેઓ કયારેય ભાનમાં આવેલ હોય તવો પુરાવો આપેલ નથી. સદર મેડીકલ ઓફીસર રુબરુ કથીત ભાનમાં આવ્યા બાદ મર્હુમે આરોપીને સાંકળતી કોઈ હિસ્ટ્રી લખાવેલ હોય તેવો પુરાવો પણ પુરાવો મેડીકલ ઓફીસરે આપેલ નથી. તેથી વિશેષ, હાલના સાહેદ દ્વારા એવી જે હકીકત જણાવવામાં આવેલ છે કે તેઓના ભાઈ ભાનમાં આવેલા અને તેઓને વાત થયેલી. પરંતુ તેઓએ એવી હકીકત પણ સ્વીકારેલ છે કે સારવાર દરમ્યાન ર્ડાકટર કોઈને અંદર જવા દેતા ન હતા તો તેઓ કેવી રીતે મરનાર શાહરૂખને મળ્યા હોય તે શંકાસ્પદ લાગે છે. વધુમાં સદર પુરાવાને મર્હુન સાથે સ્થળ ઉપર હાજર અને બનાવ નજરે જોનાર સાહેદ તેના મિત્રો PW−10 અને PW−11 તથા મર્હુમનાજ પત્ની PW−9 ના જુબાની પુરાવાથી પણ સમર્થન પ્રાપ્ત થતુ નથી. તેથી હાલના સાહેદને મરનાર શાહરૂખ સાથે કોઈ વાતચીત થયેલ હોય તે હકીકત શંકા ઉપજાવે છે. આ કામે મરનારનુ ડી.ડી. લેવા માટે યાદી કરતા એકઝીકયુટીવ મેજીસ્ટેટશ્રી હોસ્પિટલમાં આવેલા પરંતુ ભોગ બનનાર સંપૂર્ણ બેભાન અવસ્થામાં હતા તેવો શેરો મારેલ છે અને કોઈ ડી.ડી. લઈ શકેલ નથી તેમ જણાવેલ છે. તેથી સદર સાહેદ જો એમ જણાવતા હોય કે તેમણે મરનાર શાહરૂખ સાથે વાત

કરેલી તો તે સાવ ખોટી હકીકત અને આફ્ટર થોટ હોવાનુ સ્પષ્ટ જણાઇ આવે છે. તે હકીકતમા સદર સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થતો નથી.

**૨૫.** ત્યારબાદ પ્રોસીકયુશન તરફે સ્થળનો નકશો બનાવનાર સાહેદ નરેશકુમાર રણછોડભાઇ પટેલને સાહેદ નં.૧૮ તરીકે આંક-૧૧૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેમાં તેમણે જણાવેલ છે કે, તા. ૦૩/૧૨/૨૦૨૧ના રોજ વેજલપુર પોલિસ સ્ટેશનના પી.આઈ.શ્રી એચ.જી.પલ્લાચરીયા સાહેબનાઓએ બનાવવાળી જગ્યાનો નકશો બનાવવા સાહેદને યાદી પાઠવતા બનાવની જગ્યાનો નકશો બનાવવા માટે પોલિસ પાસે ગુનાવાળી જગ્યાનું પંચનામું માંગેલ જે યાદીના આધારે બરફની ફેક્ટરી આગળ હુસેન પાર્ક સોસાયટી,વિભાગ-૨ આગળ એ ટુ ઝેડ નામની દુકાન આગળ પંચનામામાં જણાવેલ સદર જગ્યાએ જઈને પંચનામા મુજબની નીશાનીઓ ખાત્રી કરી ગુનાવાળી જગ્યાનો અંદાજીત રફ સ્કેચ પોલીસની હાજરીમાં બનાવેલો હતો જે પી.આઈ.શ્રી પલ્લાચરીયાને સોંપી આપેલો. જે ગુનાવાળી જગ્યાનો નકશો બનાવી આપેલ તેનો ફોરવર્ડીંગ પત્રને આંક-૧૧૩ આપવામાં આવે છે. અને સાહેદે બનાવેલ સ્થાનિક જગ્યાનો અંદાજીત નકશોને આંક-૧૧૪ આપવામાં આવે છે તેમજ પોલિસ ઈન્સ્પેક્ટરશ્રી વેજલપુરનાઓએ આપેલી તેને આંક-૧૧૫ આપવામાં આવે છે.

૨૫.૧ સદર સાહેદની આરોપી પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. તેમાં તેમણે એવી હકીકત સ્વીકારેલ છે કે તેમને નકશો બનાવવાની યાદી મળેલ તેની સાથે કઈ જગ્યાએ શું કામ જવાનું છે તેની બધી વિગત મળેલી અને સ્થળ પર જતા પહેલા ગુનાવાળી જગ્યાનું પંચનામું પણ વાંચેલું અને પંચનામાની નકલ પણ મેળવેલી હતી, સ્થળ ઉપર પહોચ્યા

ત્યારે સ્થળ ઉપર કોઈ હાજર નહતું, આ નકશો બનાવતા સમયે કોઈ સ્થાનિક વ્યક્તિને હાજર રાખી તેમની પુછપરછ કરી નિવેદન લીધું હોય તેવી કોઈ વિગત નકશામાં ક્યાંય દર્શાવેલી નથી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે ગુનાવાળી જગ્યાનું પંચનામું વાંચીને તપાસ કરનાર અમલદારને મદદરુપ થવા સ્થળ પર ગયા વિના તેઓના કહેવા પ્રમાણે ખોટી રીતે બનાવ સ્થળનો અંદાજીત નકશો બનાવી નાંખ્યો હતો.

૨૫.૨ સદર સાહેદના પુરાવાને ધ્યાને લઈ સદર પુરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો સદર સાહેદને યાદી મળતા તેઓએ ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ જોઈ તેનો નકશો બનાવવા બનાવ વાળી જગ્યાએ ગયેલ અને રફ નકશો બનાવેલ. આ નકશામાં સદર જગ્યાએ બનાવ બનેલ તેમ જણાવેલ છે પરંતુ શુ બનાવ બનેલ તે વિશે કોઈ હકીકત જણાવેલ નથી. સદર સાહેદના પુરાવા દ્વારા નકશો બનાવવામાં આવેલ હોય તેવી હકીકતને સમર્થન પ્રાપ્ત થયેલ છે પરંતુ ફરીયાદ પક્ષના કેસને મદદ કરે તેવા ગુન્હાવાળી જગ્યાના પંચસાહેદોએ ફકત સહી ઓળખી બતાવેલ છે અને પંચનામાની હકીકતને સમર્થન કરેલ ન હોય હાલના સાહેદનો પુરાવો પણ ફરીયાદ પક્ષને મદદકર્તા નથી.

**૨૬.** ત્યારબાદ પ્રોસીકયુશન તરફે ફરીયાદ નોંધનાર પોલીસ સાહેદ ભાવેશ દિનેશભાઈ ભટ્ટને સાહેદ નં.૨૦ તરીકે આંક–૧૧૮ થી સોગંદ પર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા. ૦૩/૧૧/૨૦૨૧ના રોજ વેજલપુર પોલિસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પી.એસ.ઓ. તરફથી ૩–૪૫ વાગ્યે એસ.વી.પી.હોસ્પિટલથી એક વરધી આવેલી જે વરધીના આધારે સાહેદ એસ.વી.પી. હોસ્પિટલ ખાતે ગયેલા. ત્યાં ભોગબનનાર ભાનમાં ન હતા અને તેમની ઈન્જરી વધારે હતી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ મારફતે

ડી.ડી. લેવડાવવા માટે રીપોર્ટ કરેલો હતો. સ્થળ ઉપર ડી.ડી. લેવા માટે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબને રીપોર્ટ કરેલ તેને આંક –૧૧૯ આપવામાં આવે છે. ત્યારબાદ ભોગબનનારના મિત્ર સોયબખાન રીયાજુદ્દીન પઠાણની સાહેદ રૂબરૂ તેમના લખાવ્યા મુજબની ફરીયાદ નોંધી લીધેલ, જે આંક–૬૮ વાળી ફરીયાદમાં ફરીયાદીએ અને રૂબરૂપણામાં સાહેદે સહી કરેલ. ત્યારબાદ ફરીયાદ લીધા પછી પી.એસ.ઓ.ને ગુનો રજીસ્ટર કરવા માટે રીપોર્ટ કરેલો જેને આંક–૧૨૦ આપવામાં આવે છે. ત્યારબાદ અમે આગળની તપાસ માટે પી.એસ.ઓ.એ પી.આઈ.શ્રીને ડેપ્યુટ કરેલી હતી.

૨૬.૧ સદર સાહેદની આરોપી પક્ષ તરફે ઉલટ તપાસ લેવામાં આવેલ છે, તેમાં સાહેદે એ હકીકત સ્વીકારેલ છે કે, તેમને જે વર્ધી મળેલ તેમાં કોઈ મારનારનુ નામ અને વિગત દર્શાવેલી નહતી. ફકત ભોગબનનારને દવાખાને લાવનાર તરીકે મોહમ્મદશરીફનું નામ લખેલું છે અને આ મોહમ્મદશરીફ નામના માણસને મળવાનો કે શોધવાનો કોઈ પ્રયાસ સાહેદે કરેલો નથી. એ હકીકત પણ સ્વીકારેલ છે કે, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટને ડી.ડી.લેવા માટે કરેલ યાદીના પત્રમાં ભોગબનનાર બોલી શકે તેમ નથી, કાંઈ કહી શકે તેમ નથી, સંપુર્ણ બેભાન અવસ્થામાં છે તેવું લખેલું હતું અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ આવ્યા ત્યારે પણ ડોકટર સાહેબે એવો શેરો મારેલ કે આ પેશન્ટ ભાનમાં નથી અને કાંઈ બોલી શકે તેમ નથી અને આ ભોગબનનારની સારવાર ચાલુ હતી. સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ફરીયાદમાં આ ફરીયાદ વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ કે એસ.વી.પી. હોસ્પિટલમાં લીધેલ છે તેવું સ્થળ લખેલું નથી. ફરીયાદમાં ફરીયાદ લેવાનું ક્યારે શરુ કર્યું અને ક્યારે પુરુ કર્યુ તેવો કોઈ સમયગાળો લખેલો નથી.

૨૬.૨ સદર સાહેદનો મૌખિક પુરાવો વંચાણે લેતાં, પુરાવાનુ

મૂલ્યાંકન કરીએ તો, સદર સાહેદને વર્ધી મળતા તેઓ એસ.વી.પી. હોસ્પિટલ ગયેલા અને ત્યાં ભોગ બનનારના મિત્ર સોયેબખાનની ફરીયાદ લીધેલી તેમજ ડી.ડી. લેવા માટે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીને રીપોર્ટ કરેલ અને ગુન્હો રજીસ્ટર કરવા રીપોર્ટ કરેલ અને આગળની તપાસ પી.આઇ.શ્રીને સોંપેલી હતી, તેઓએ ફરીયાદ લીધેલી અને ડી.ડી. લેવા માટે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીને રીપોર્ટ કરેલ તે સિવાય કોઇ કામગીરી કરેલ હોય તેમ જણાતુ નથી. વધુમાં સદર સાહેદને મળેલ વર્ધીમાં પણ મારનારનુ નામ જણાવેલ નથી તેમજ સદર ગુન્હાને અનુરૂપ કોઇ જ હકીકત પુરાવા દરમ્યાન જણાવેલ ન હોય ફરીયાદ પક્ષના કેસને મદદકર્તા નથી.

**૨૭.** સદર કામે આરોપીટ સામે ઇ. પી. કોડ કલમ– ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબના ગુન્હાનું પણ તહોમત ફરમાવેલ છે. તે અંગે પ્રોસીકયુશન તરફે ઈજા પામનાર અને બનાવને નજરે જોનાર સાહેદો PW–10 તથા PW–11 ઉપરાંત ઈજા પામનાર સાહેદોને તપાસનાર તબીબ સાહેદ ડૉ. ભૂમિ નટવરલાલ પટેલનાઓને સાહેદ નં. ૨૧ તરીકે આંક–૧૨૫ થી સોગંદ પર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા. ૦૩/૧૧/૨૦૨૧ ના રોજ વી. એસ. હોસ્પિટલ, અમદાવાદ ખાતે મેડિકલ ઓફિસર તરીકે ફરજ પર હાજર હતા ત્યારે તી દરમિયાન વેજલપુર પો.સ્ટે.ના પો.સ.ઈ. બી.ડી.ભટ્ટ નાઓની યાદી સાથે સોયબખાન રિયાઝુદ્દીન પઠાણ અને મોહમ્મદ શરીફ અસપાક હુસૈન શેખનાઓને સારવાર કરાવવા સારુ એલ.આર. સત્યપાલસિંઘ બ.નં.૧૩૨૫૫ નાઓ સવારે ૦૯.૨૮ વાગ્યે આવતા તેઓના એમ.એલ.સી.કેસ પેપર્સ તૈયાર કરેલ, અને સૌપ્રથમ સોયબખાન પઠાણને તપાસેલ અને હિસ્ટ્રી પુછતાં તા.૦૩/૧૧/૨૦૨૧ ના રોજ રાત્રીના બે વાગ્યે

સામાવાળી પાર્ટીએ માર મારેલાનુ જણાવેલ, તેઓને તપાસતા ડાબા કાંડા ઉપર સોજો હતો અને નીચેના હોઠની નીચે લોહી નીકળેલ હતું. દર્દી સભાન અવસ્થામાં હતો તેમજ સમય અને વ્યક્તિ અને સ્થળનું ભાન હતું અને દર્દીને વધુ તપાસ અર્થે ઓર્થો. યુનિટ અને ઈ.એન.ટી.વિભાગમાં મોકલવામાં આવેલ. દર્દી સોયબખાન પઠાણ નાઓનું અસલ વી.એસ.હોસ્પિટલનું સર્ટિ. આંક–૧૨૬ થી અને અસલ એમ.એલ.સી. કેસ પેપર્સ આંક–૧૨૭ થી રજૂ રાખેલ છે. વધુમાં સાહેદે જણાવેલ છે કે, ત્યારબાદ દર્દી મોહમ્મદશેખ શરીફ નાઓને તપાસેલ અને હિસ્ટ્રી પુછતાં તારીખ ૦૩/૧૧/૨૦૨૧ ના રોજ રાત્રીના બે વાગ્યે સામાવાળી પાર્ટીએ માર મારેલાનુ જણાવેલ. દર્દીને તપાસતા ડાબા પગ ઉપર ઈજા હતી અને લોહી નીકળેલ હતું. દર્દીને વધુ સારવાર અર્થે ઓર્થો. યુનિટ સી–વિભાગમાં મોકલવામાં આવેલ. દર્દી મોહમ્મદ શેખ શરીફ નાઓનું અસલ વી.એસ.હોસ્પિટલનું સર્ટિ. અને અસલ એમ.એલ.સી. કેસ પેપર્સ આંક–૧૨૯ થી રજુ કરેલ છે અને વેજલપુર પો.સ્ટે.ના પો.સ.ઈ. નાઓની ઈજા પામનારની સારવાર કરી સારવાર સર્ટિ. આપવા બાબતની યાદીને આંક–૧૩૦ આપવામાં આવે છે.

૨૭.૧ સદર સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી મારફતે ઉલટ તપાસ લેવામાં આવેલ છે, જેમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે આ બંને દર્દીઓની ઈન્જરી સુપરફીશિયલ હતી અને આ ઈજાના કલરની નોંધ એમ.એલ.સી.માં નથી. વધુમાં એ હકીકત સ્વીકારેલ છે કે, દર્દી નં.૧ ની પગની ઈજા પડી જવાથી થઈ શકે તેમજ દર્દીની હિસ્ટ્રીમાં સામાવાળાનું નામ સરનામું આપેલ નથી કે ક્યાં સ્થળ ઉપર કઇ રીતે ઈજા થયેલ તે પણ જણાવેલ નથી. આ ઉપરાંત હાલના આરોપીઓએ જ રાયોટીંગ કરી હાલના બંને ઉજા પામનાર સાહેદોને સાદી ઈજાઓ પહોંચાડી હોય તેવો કોઈ જ

પુરાવો ઈજા પામનાર અને બનાવને નજરે જોનાર સાહેદો PW–10 તથા PW–11 ના જુબાની પુરાવામાં રેકર્ડ ઉપર આવેલ નથી. તેથી વિરુધ્ધ તેઓએ સદર તકરારી ઈજા તેઓને અકસ્માતમાં થયેલાનો પુરાવો આપેલ છે. તે હકીકતમાં પ્રોસીક્યુશન આરોપીઓ સામેના ઈ. પી. કોડ કલમ– ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબના ગુન્હાના તહોમત પુરવાર કરવામાં પણ નિષ્ફળ ગયેલ છે.

**૨૮.** હવે, પ્રોસીકયુશન તરફે ગુન્હો નોંધનાર અધિકારી ક્રાંતિસિંહ જવાનસિંહ ઝાલાને સાહેદ નં.૨૨ તરીકે આંક–૧૩૫ થી સોગંદ પર તપાસવામાં આવેલા છે. તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, તેઓ તા.૧૦/૧૧/૨૦૨૧ ના રોજ વેજલપુર પો.સ્ટે. ખાતે ફરજ પર હાજર હતા ત્યારે પી.આઈ. એચ.જી. પલ્લાચર્યાનાઓએ આરોપીને અટક કર્યા અંગેની સ્ટે.ડાયરીમાં નોંધ કરવાની યાદી મોકલતા તેના આધારે તેઓએ સ્ટે. ડાયરી માં આરોપી અદનાન સ/ઓ તાજમોહમ્મદ અંસારી, ઉસ્માનગની અબ્લદુલ રસીદ મણિયાર અને સદ્દામ ફિરોજભાઈ શેખ નાઓ વિરુદ્ધ ગુન્હો રજીસ્ટર કરી વધુ આગળની તપાસ પી.આઈ.શ્રી પલ્લાચર્યાને સોંપેલી. જે યાદીને આંક–૧૩૬ આપવામાં આવે છે. વેજલપુર પો. સ્ટે. ના પી.એસ.આઈ. બી.ડી.ભટ્ટ નાઓનો સ્ટે. ડાયરીમાં એન્ટ્રી કરી ક્રિ.પ્રો.કો.ક.૧૫૭ અન્વયેનો જાહેર રીપોર્ટ કરી ગુનો રજીસ્ટર કરી વધુ આગળની તપાસ પી.આઈ.શ્રીને સોંપવા સારુ બાબતેનો રીપોર્ટ કરેલ તે આંક–૧૩૭ થી રજુ કરેલ છે.

૨૮.૧ સદર સાહેદની આરોપીઓ પક્ષ તરફેના વિ.વ.શ્રીઓ દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, પી.એસ.આઈ.શ્રી બી.ડી.ભટ્ટ નાઓએ તેઓની હાજરીમાં ફરિયાદ લીધેલ નથી તેમજ સરતપાસમાં જણાવ્યા તે સિવાયના આરોપીઓના નામ આ યાદીમાં નથી.

૨૮.૨ સદર સાહેદના મૌખિક પુરાવાની હકીકત ધ્યાને લઇ તેનુ મૂલ્યાંકન કરવામાં આવે તો, સદર સાહેદ દ્વારા યાદીના આધારે સ્ટેશન ડાયરીમાં નોંધ કરી ગુન્હો જાહેર કરી તપાસની કાર્યવાહી પી.આઇ.શ્રી ને સોંપેલી તેટલી જ કાર્યવાહી કરેલ છે તે સિવાય તેમની હાજરીમાં ફરીયાદીની ફરીયાદ નોંધવામાં આવેલ ન હતી તેટલી જ હકીકત જણાવેલ છે અને સદર ગુન્હામાં બીજી કોઇ કાર્યવાહી કરેલ નથી.

**૨૯.** હવે, પ્રોસીકયુશન તરફે તપાસ કરનાર અધિકારી હરેશભાઇ ગોવિંદભાઇ ભટ્ટાચાર્યને સાહેદ નં.૨૩ તરીકે આંક–૧૪૨ થી સોગંદ પર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, સને ૨૦૨૧ ના અરસામાં વેજલપુર પો. સ્ટે. માં ફરજ પર હાજર હતા ત્યારે તા.૦૩/૧૧/૨૦૨૧ ના રોજ ગુન્હાની તપાસ પી.એસ.આઈ.શ્રી ભટ્ટ નાઓ પાસેથી મળતા સંભાળી લઇ તા.૦૩/૧૧/૨૦૨૧ ના રોજ મરણ જનાર શાહરુખ સ/ઓ અમીરુદ્દીન શેખનુ બે પંચોની હાજરીમાં ઈન્કવેસ્ટ પંચનામુ કરેલ, ત્યારબાદ તે જ તારીખે બે પંચોની હાજરીમાં સોયબખાન રીયાઝુદ્દીન પઠાણ નાઓએ ગુન્હાવાળી જગ્યા બતાવતા ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરેલ અને ગુનાવાળી જગ્યાએથી રતાશ પડતા લોહીના મોટા ડાઘ પરથી ઘસીને લીધેલ કોટન થ્રેડ તેમજ કંટ્રોલ કોટન થ્રેડ પંચનામાની વિગતે કબજે લીધેલ. આ કામના તહોમતદારોની અટક કરેલ અને ત્રણેય આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડાં તેમજ ત્રણેય આરોપીઓની સારવાર દરમિયાન વી.એસ. હોસ્પિટલમાંથી ડોક્ટરે લીધેલ સીલબંધ બ્લડ સેમ્પલ બે પંચોની રુબરુ પંચનામાની વિગતે કબજે લીધેલ.

૨૯.૧ વધુમાં સાહેદે એવો પુરાવો આપેલ છે કે, સાહેદ મો.શરીફ અસ્પાક હુસેન શેખ નાઓનું નિવેદન લીધેલ. મરણજનાર

શાહરુખ શેખના પી.એમ. દરમિયાન ડોક્ટરશ્રીએ મરણજનારે પહેરેલ કપડા તેમજ બ્લડ સેમ્પલ સીલબંધ હાલતમાં પો.કો. હરપાલ સિંહ તથા પો.કો.જયદિપસિંહ નાઓને સોંપતા સાહેદ રુબરુ રજૂ કરતા પંચો રુબરુ પંચનામાની વિગતે કબજે કરેલ, સાહેદોના નિવેદનો લીધેલ. આરોપીઓએ ગુન્હામાં ઉપયોગમાં લીધેલ વાહન તથા હથિયાર બતાવતા બે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરેલ. બાકીના આરોપી અદનાન તાજમોહમ્મદ અંસારી, ઉસ્માનગની અબ્દુલ રસીદ મણિયાર, સદ્દામ ફિરોઝભાઈ શેખ નાઓની અટક કરવામાં આવેલ. તેમજ સારવાર દરમિયાન ડોક્ટરશ્રીએ મેળવેલ બ્લડ સેમ્પલો સિલબંધ હાલતમાં બે પંચો રુબરુ કબજે કરેલ અને તે આરોપીઓએ ગુન્હામાં વાપરેલ વાહન સુઝુકી બર્ગમેન તેમજ વાહનની નીચે પડેલ લાકડાનો દંડો તેમજ ટુ વ્હીલર વાહનની ડેકીમાંથી મળી આવેલ આરોપીઓના કપડાં બે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરેલ.

૨૯.૨ સાહેદે વધુમાં એવો પુરાવો આપેલ છે કે, તપાસના કામે કબજે કરેલ મુદ્દામાલ રવાનગી નોંધ બનાવી એફ.એસ.એલ. ખાતે પરીક્ષણ માટે મોકલેલ, જેની પહોંચ કામમાં સામેલ રાખેલ. આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ. આ કામનો મુદ્દામાલ તથા આરોપીઓને ઓળખે છે.

૨૯.૩ સાહેદે વધુમાં એવો પુરાવો આપેલ છે કે, આરોપીઓની ઓળખ પરેડ કરાવવા સારુ સોયબખાન રીયાઝુદ્દીન પઠાણ નાઓને જાણ કરેલ તે યાદી આંક-૧૪૩ થી રજુ છે. ઈ.પી.કો. કલમ-૩૦૨ ના ઉમેરાનો રીપોર્ટને આંક-૧૪૪ થી રજુ કરેલ છે, મોબાઈલ ફોન નંબરના સી.ડી.આર. મેળવવા કંપનીના નોડલ ઓફિસરને પાઠવેલ યાદીઓ આંક-૧૪૫ થી ૧૪૭ થી રજુ છે. મરણજનાર શાહરુખખાન શેખ નાઓના મો.નં. 7990971101

ની કોલ ડીટેઈલ આંક–૧૪૮ થી અને આરોપી અદનાનના મો.નં. 7433802694 ની કોલ ડીટેઈલ આંક–૧૪૯ થી રજુ કરેલ છે, આરોપી ઉસ્માનગની નાઓના મો.નં.7383129892 ની કોલ ડીટેઈલ આંક–૧૫૦થી અને આરોપી સદ્દામના મો.નં. 74870 44970 ની કોલ ડીટેઈલ આંક–૧૫૧ થી તેમજ આરોપી જીશાનના મો.નં.9723121263 ની કોલ ડીટેઈલને આંક–૧૫૨ થી રજુ કરેલ છે. આરોપીઓ વચ્ચે વાતચીત થયેલ તે અંગેની કોલ ડીટેઈલને આંક–૧૫૩ થી રજુ કરેલ છે.

૨૯.૪　　સાહેદે રવાનગી નોંધ તેમજ પ્રમાણપત્રને આંક–૧૫૪ થી, એફ.એસ.એલ.ની મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ આંક–૧૫૫ થી, એફ.એસ.એલ.નો ફોરવર્ડિંગ લેટર આંક–૧૫૬ થી રજુ કરેલ છે તેમજ એફ.એસ.એલ.ના બાયોલોજી વિભાગના પૃથક્કરણ અહેવાલને આંક–૧૫૭ તથા એફ.એસ.એલ.ના શીરોલોજી વિભાગના પૃથક્કરણ અહેવાલને આંક–૧૫૮ થી રજુ કરેલ છે.

૨૯.૫　　સદર સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં સાહેદે જણાવેલ છે કે, તેઓ બનાવવાળી જગ્યાએ સવારે પહોંચેલા. એ હકીકત સ્વીકારેલ છે કે વેજલપુર પો.સ્ટે.થી નીકળી વિશાલા સર્કલ થઈ આગળ જઈ જમણી બાજુ વળતા બરફની ફેક્ટરી આવે ત્યાંથી બનાવવાળી જગ્યાએ પહોંચતા પાંચ–દસ મિનિટનો સમય થાય તેમજ આ ફેક્ટરીથી બનાવ વાળી જગ્યા વચ્ચે આશરે પાંચસોથી હજાર રહેણાંકના મકાનો આવેલ હશે અને ગીચ વસ્તીવાળો વિસ્તાર છે અને ત્યાં લોકોની સતત હાજરી હોય છે અને પંચો મરહૂમના સબંધી કે મિત્ર હોવાની તેમને કોઈ જાત માહિતી નથી. એ વાત સ્વીકારેલ છે કે હથિયારો પી.એમ. કરનાર ડોક્ટરશ્રીને બતાવીને ઈજા અંગેનો કોઈ અભિપ્રાય મેળેવલ નથી.

૨૯.૬ આમ, તપાસ કરનાર અમલદારે પોતાની તપાસને અનુરૂપ પુરાવો આપેલાનુ જણાય છે. સદરહુ સાહેદ સરકારી સાહેદ છે અને તેમણે તપાસ દરમ્યાન કરેલ કામગીરી અંગેનો પુરાવો આપેલો છે. તેઓ બનાવના નજરે જોનાર સાહેદ નથી કે બનાવ અંગે તેમને સ્વાભાવિક રીતે કોઇ જ જાત માહિતી ન હોય તે હકીકતમાં તેમના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં. જો કે, સદરહુ તપાસ કરનાર અમલદારના મૌખિક પુરાવાને મૂળ ફરીયાદ આપનાર ફરીયાદી અને બનાવને નજરે જોનાર મહત્વના સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થવું જરૂરી છે. તે હાલના કેસમાં ફરીયાદી તથા સાહેદોના મૌખિક પુરાવાથી ચાર્જશીટને અનુરૂપ ને તપાસને અનુરૂપ સહેજ પણ સમર્થન પ્રાપ્ત થતું નથી.

**૩૦.** આમ, સરકારી પોલીસ સાહેદો PW–20, PW–22, તથા PW–23 કે જેઓએ પોતાની કાયદેસરની ફરજના ભાગરુપે ક્રી. પ્રો. કોઇ તથા લાગુ અન્ય કાયદાની જોગવાઇઓ અન્વયે કરેલ કાર્યવાહીને અનુરુપ પુરાવો આપેલ હોય તેને મૂળ ફરીયાદી તથા તેની સાથેના અન્ય નજરે જોનાર સાહેદો તથા અન્ય મેડીકલ અને એક્ષપર્ટ પુરાવાઓના અનુસંધાને આનુસાંગીક પુરાવા તરીકે ધ્યાને લેવાના રહે છે.

**૩૧.** વધુમાં આંક–૧૫૮ થી રજુ એફ.એસ.એલ.નો સીરોલોજી પરિક્ષણ અહેવાલ વંચાણે લેવામાં આવે તો તેમાં મરણજનાર શાહરૂખ અમીરૂદીન શેખનું રૂધિર જૂથ– ‘એ' તરીકે ઓળખાયેલ હતુ અને મરણજનારના કપડા તથા રૂમાલ જે પાર્સલ નંબર– ડી/૧ થી ડી/૭ થી એફ.એસ.એલ.તપાસણી અર્થે કબજે લેવામાં આવેલ છે તેના ઉપરથી જે રૂધિર મળી આવેલ છે તેનુ રૂધિર જૂથ 'અનિર્ણીત' હોવાનુ સીરોલોજી પરિક્ષણ અહેવાલમાં દર્શાવેલુ છે. આમ, મરણજનારના કપડાં પરથી જે રૂધિર મળી

આવેલ છે તેનુ જૂથ નકકી કરી શકાયેલ ન હોવાનુ જણાવેલ છે. તેમજ સદર રીપોર્ટમાં આખરી અભીપ્રાયમાં *"એન્ટીજીનીસીટી નીયત થઇ શકેલ ન હોય જૂથ અંગે નિર્ણય લઈ શકાયેલ નથી."* તેવો અભિપ્રાય આપેલ છે. આમ, બોયોલોજીકલ અને સીરોલોજી પરીક્ષણ અહેવાલ પણ પ્રોસીક્યુશનના કેસને આરોપીઓ વિરુધ્ધ સબળ શંકારહીત રીતે મદદકર્તા નથી.

**૩૨.** આમ, પ્રોસીક્યુશન તર્ફે તપાસેલ તમામ સાહેદો તથા રજુ તમામ લેખીત પુરાવાઓનું સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવે તો નિચે મુજબની પરીસ્થિતીઓ રેકર્ડ ઉપર ઉભરી આવેલ છેઃ

- ચાર્જશીટ મુજબ પ્રોસીક્યુશનના કેસ મુજબ ફરીયાદી સોયબખાન રીયાઝુદ્દીન તથા તેનો મિત્ર મોહમદ સરીફ અસ્પાક હુસેન તથા તેમનો મરણજનાર મિત્ર શાહરુખ અમિરુદ્દિન શેખ નાઓ મર્હુમની ટુ વ્હીલર લઈ રાત્રીના ૦૨.૦૦ વાગ્યાના સમયે બનાવવાળા સ્થલેથી પસાત થતા હતા ત્યારે આરોપીઓએ મર્હુમને આડેધડ છરીઓના ઘા મારી ખૂન કરેલ છે, તેમજ ફરીયાદી અને સાહેદ મોહમદ સરીફને માર મારી સાદી ઈજા પહોંચાડેલ છે.
- આમ, પ્રોસીક્યુશન ના કેસનો આધાર મુખ્યત્વે મર્હુમ સાથે બનાવ સમયે હાજર અને બનાવ નજરે જોનાર ફરીયાદી સાહેદ નં. ૧૦ અને અન્ય હાજર અને નજરે જોનાર સાહેદ નં. ૧૧; ફરીયાદીના પત્ની સાહેદ નં. ૯; ફરીયાદીના ભાઈ સાહેદ નં. ૧૭; વિ. એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તથા તેમના રુબરુનું આરોપીઓની ઓળખ પરેડનું પંચનામુ; જુદાજુદા પંચનામા તથા પંચો; મેડીકલ એવિડન્સ અને એફ.એસ.એલ. રીપોર્ટસ ઉપર આધારીત છે.
- ઉપરોક્ત સાક્ષી પુરાવાઓ પૈકી PW–10, PW–11 બનાવ સમયે મર્હુમ સાથે હાજર અને નજરે જોનાર સાહેદ તથા ઈજા

પામનાર મુખ્ય સાહેદો તરીકે ચાર્જશીટ મુજબ પ્રોસીક્યુશન કેસના સ્ટાર વિટનેસીસ છે. જેઓની જુબાનીઓ ઉપર સમગ્ર કેસનો આધાર રહેલો છે.

- જ્યારે PW–17 મર્હુમના સગા ભાઈ અને PW–9 મર્હુમના પત્ની તરીકે તેઓને મર્હુમના મૃત્યુ પહેલા મર્હુમ પાસેથી કોઈ હકીકત જાણવા મળેલ હોય તો તે તથા નજરે જોનાર સાહેદો PW–10 અને PW–11 પાંસેથી બનાવ સંબંધે કોઈ હકીકત સીધી રીતે જાણવા મળેલ હોય તો તેટલા પુરતો તેઓનો પુરાવો PW–10, PW–11 ના જુબાની પુરાવાને અનુરુપ ધ્યાને લેવાના રહે છે.
- મૂળ ફરીયાદી અને નજરે જોનાર સાહેદ PW–10 તથા તેની સાથે બનાવ સમયે હાજર મિત્ર કે જે નજરે જોનાર સાહેદ છે તે PW–11 દ્બારા મૂળ ફરીયાદ હકીકત તથા પોલીસ રુબરુના નિવેદન ને અનુરુપ પ્રોસીક્યુશનની તર્ફેણમાં આરોપીઓ વિરુધ્ધ પુરાવો આપેલ નથી. કોર્ટ રુબરુ તેઓએ આરોપીઓ તેમજ મુદ્દામાલ કપડા અને મુદ્દામાલ છરી તથા દંડો પણ ઓળખી બતાવેલ નથી. તે હકીકતમાં સદર સ્ટાર વિટનેસના જુબાની પુરાવાઓ આધારભૂત, વિશ્વાસજન્ય અને શંકારહીત હોવાનું કાયદેસર માની શકાય નહીં.
- સાહેદ નં. ૯ તરીકે આંક– ૫૬ થી મર્હુમના પત્ની બનાવ સમયે હાજર ન હતા અને પાછળથી હોસ્પીટલ ગયેલા. તેમનો પુરાવો હીયરસે પુરાવો છે. તેમના પુરાવાના મુખ્ય સારાંશ મુજબ મર્હુમ પતિ બનાવ બાદ ભાનમાં ન હતા અને બોલી શકતા ન હતા. તેમજ મર્હુમ પતિને કોણે કોણે છરી મારેલી તે તેમને પાછળથી પણ કાંઈ જાણવા મળેલ નહીં. તેણીના પતિના મિત્ર અને નજરે જોનાર સાહેદ મોહમદ સરીફે તેણીને બનાવ બાબતે કે મર્હુમને કઈ રીતે ઈજાઓ થયેલી કે કોણે કરેલી તે જણાવેલ નથી. આમ, તેણી મર્હુમની પત્ની હોવા છતાં પ્રોસીક્યુસનના કેસને

આરોપીઓ વિરુધ્ધ શંકારહીત સમર્થનકારી પુરાવો આપેલ નથી.

- નજરે જોનાર સાહેદ મોહમદ સરીફે પણ બનાવ સંબંધીત તેવી કોઇ હકીકત તેમણે મર્હુમના પત્ની સાહેદ નં. ૯ ને જણાવી હોય તેવો સમર્થનકારી પુરાવો આપેલ નથી.
- મર્હુમના સગા ભાઇ સાહેદ નં. ૧૭ એ આંક– ૯૭ થી તેઓ હોસ્પીટલમાં પાછળથી મર્હુમને મળેલ ત્યારે મર્હુમે તેમને રડતા રડતા જીશાન, મોહમદ સલીમ, ફરદીને છરીના બહુ ઘા મારેલા તેવી વાત કરેલા નો પુરાવો આપેલ છે. પરંતુ સાથોસાથ તેમના તર્ફે સ્વીકૃત હકીકત મુજબ બનાવ સમયે રાત્રિના તેઓ પોતાના ઘરે સુતેલ હતા. આમ, તેઓ બનાવને નજરે જોનાર સાહેદ નથી. તેમજ તેમના સદર જુબાની પુરાવાને બનાવને નજરે જોનાર ફરીયાદી અને અન્ય સાહેદ નં. ૧૦ તથા ૧૧, મર્હુમના જ પત્ની સાહેદ નં. ૯ તથા મર્હુમની મૃત્યુ પહેલા સારવાર કરનાર મેડીકલ ઓફીસરશ્રી સાહેદ નં. ૧૫ ના જુબાની પુરાવાઓ થી કોઇપણ રીતે સમર્થન પ્રાપ્ત થતુ નથી.
- વિ. એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીના આરોપીઓની ઓળખપરેડ સંબંધીત જુબાની તથા પંચનામાને ઓળખ કરનાર નજરે જોનાર સાહેદના જુબાની પુરાવાથી મજબૂત શંકારહીત સમર્થન પ્રાપ્ત થવુ અનિવાર્ય છે.
- હાલના કેસમાં મે. એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રુબરુના આરોપીઓના ઓળખ પરેડના પંચનામાને સદર સાહેદના જુબાની પુરાવાથી મજબૂત સમર્થન પ્રાપ્ત થાય છે, પરંતુ તેમણે કોર્ટ રુબરુ આરોપીઓને ઓળખવાનો ઈન્કાર કરેલ છે.
- સદર ઓળખ પરેડના પંચનામાને તથા વિ. એક્ઝી. મેજિસ્ટ્રેટના જુબાની પુરાવાને નજરે જોનાર સાહેદોના જુબાની પુરાવા ધ્વારા આરોપીઓની ઓળખ અંગે સમર્થન પ્રાપ્ત થતુ નથી.

- હાલના કેસમાં અગાઉ ચર્ચા કર્યા મુજબ સદર પુરાવાઓ વચ્ચે મહત્વના વિરોધાભાષ, વિસંગતતા, વિપરીતતા જોવા મળેલ છે.
- મર્હુમ તથા નજરે જોનાર સાહેદોની સારવાર કરનાર મેડીકલ ઓફીસરશ્રી PW-15 અને PW-21 ના જુબાની પુરાવાને, મેડીકલ સર્ટીફીકેટ્સને તથા સ્થળ ઉપરથી બ્લડ સેમ્પલ્સ કલેક્ટ કરનાર સાયનટીફીક ઓફીસરશ્રીના જુબાની પુરાવા તથા લેખીત રુપી ગૌણ પુરાવાઓને નજરે જોનાર સાહેદો, મર્હુમના પત્ની તથા ભાઈ ના જુબાની પુરાવાથી પણ મજબૂત શંકારહીત સમર્થન પ્રાપ્ત થવુ અનિવાર્ય છે, જે હાલના કેસમાં પ્રાપ્ત થતુ નથી. હાલના કેસમાં અગાઉ ચર્ચા કર્યા મુજબ સદર પુરાવાઓ વચ્ચે મહત્વના વિરોધાભાષ, વિસંગતતા, વિપરીતતા જોવા મળે છે.
- મર્હુમ તથા આરોપીઓના સારવાર રદમ્યાન મેળવેલ લોહીના નમૂનાઓ તથા ગુન્હામાં કથીત રીતે વાપરવામાં આવેલ તપાસ દરમ્યાન કબ્જે કરેલ લોહીવાળી છરીઓના બાયોલોજીકલ અને સીરોલોજીકલ એફ.એસ.એલ. રીપોર્ટસમાં સદર નમૂનાઓ ઉપર ના તકરારી બ્લડના ગૃપ અંગે એન્ટીજીનીસીટી નિયત થઇ શકેલ ન હોય સદર રીપોર્ટ પ્રોસીક્યુશનની તર્ફેણમાં અને આરોપીઓ વિરુધ્ધ નિર્ણાયક એટલેકે કનકલુઝીવ નથી.
- આ ઉપરાંત સદર એફ.એસ.એલ. રુપી ગૌણ પુરાવાને નજરે જોનાર સાહેદોના જુબાની પુરાવાથી પણ શંકારહીત કે મજબૂત સમર્થન પ્રાપ્ત થતુ નથી.
- તે હકીકતમાં પણ ફક્ત સદર શંકાસ્પદ ગૌણ સાયન્ટીફીક અને મેડીકલ પુરાવાઓને આધારે મુખ્ય સબળ પુરાવાઓના સમર્થન ના અભાવે હાલના આરોપીઓને કથીત મર્ડર તથા અન્ય સંબંધીત ગુન્હાના ચાર્જમાં શંકારહીત શંકળયેલ હોવાનું પુવાર કરવામાં પ્રોસીક્યુશન સફળ થયેલ હોવાની પ્રોસીક્યુશનની દલીલો કાયદેસર સ્વીકારી શકાય તેમ નથી.

- મર્હુમના ઇન્વેસ્ટ પંચનામુ, મર્હુમના કપડા અને બલ્ડ સહીતના નમૂનાઓ કબ્જે લિધાનું પંચનામાની હકીકતો ઈજા પુરતી પુરવાર થયેલ છે. પરંતુ આરોપીઓ પાંસેથી હથીયાર કબ્જે લીધાનું કે આરોપીઓના કપડા કબ્જે લીધાના કે આરોપીઓના બ્લડ સેમ્પલ્સ અંગેના પંચનામાની હકીકતોને સંબંધીત પંચોના પુરાવાથી આરોપીઓ વિરુધ્ધ સમર્થન પ્રાપ્ત થતુ નથી.
- મર્હુમની બનાવબાદ મુત્યુ પહેલા સારવાર કરનાર મેડીકલ ઓફીસર સાહેદ નં. ૧૫ તથા મર્હુમની પત્ની સાહેદ નં. ૯ અને નજરે જોનાર સાહેદો સાહેદ નં. ૧૦ અને ૧૧ ના જુબાની પુરાવાઓ તથા મર્હુમના ભાઈ સાહેદ નં. ૧૭ ધ્વારા ઉલટ તપાસની કબૂલાતો મુજબ મર્હુમ બનાવબાદ મૃત્યુ સુધી બેભાન રહેવાના કારણે મર્હુમનું મરણોન્મૂખ નિવેદન નોંધી શકાયેલ નથી.
- PW–15, PW–10 તથા PW–11 ના જુબાની પુરાવા મુજબ મર્હુમની સારવાર વખતે તે બેભાન હોય બનાવ સંબંધીત હીસ્ટ્રી મર્હુમને હોસ્પીટલ લઈ નજાર બજરે જોનાર સાહેદ નં. ૧૧ નાએ લખાવેલી.
- સદર મેડીકલ ઓફીસર તથા સાહેદ નં. ૧૧ ના જુબાની પુરાવા મુજબ સદર હીસ્ટ્રીમાં કોઇ પણ કથીત બનાવ અંગે સામાવાઈી તરીકે કોઈપણ આરોપીના નામ જણાવેલ નથી. તેથી વિરુધ્ધ નજરે જોનાર સાહેદો નં. ૧૦ અને ૧૧ ધ્વારા કોર્ટ રુબરુની જુબાનીમાં પણ હાલના આરોપીઓના નામ જાહેર કરેલ નથી કે ઓળખી બતાવેલ નથી.
- PW–10, PW–11, PW–9, PW–17, તથા PW–15 ધ્વારા કોર્ટ રુબરુ જુબાની દરમ્યાન હાલના આરોપીઓને કે મુદ્દામાલ છરી અને મર્હુમ તથા આરોપીઓના તપાસમાં કબ્જે લીધેલ કપડાઓને શંકારહીત ઓળખી બતાવેલ નથી.

- આમ, નજરે જોનાર સાહેદો, મર્હુમના પત્ની અને ભાઇ રુપી સ્ટાર વિટનેસોની જુબાની અને મૂળ ફરીયાદ તથા પોલિસ રુબરુના પૂર્વ નિવેદનો વચ્ચે તો મહત્વના વિરોધાભાષ, વિસંગતતા અને વિપરીતતા તો જોવા મળે જ છે, પરંતુ સાથોસાથ તેઓની કોર્ટ રુબરુની જુબાનીઓમાં પણ પરસ્પર વિરોધાભાષ, વિસંગતતા અને વિપરીતતા તો જોવા મળે છે. તે હકીકતમાં તેઓના પુરાવાઓ આધારભૂત. વિશ્વાસજન્ય અને શંકારહીત હોવાની દલીલો સાથે કાયદેસર સંમત થઇ શકાય તેમ નથી.
- આરોપીઓ તથા કથીત હથીયારની ઓળખ વિ. એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રુબરુ કે કોર્ટ રુબરુ શંકારહીત પુરાવાર થયેલાનું માની શકાય તેમ નથી.
- તપાસ દરમ્યાન ગુન્હામાં વરપાયેલી લોહીવાળી છરીઓ ઉપરનું બ્લડ ગૃપ અંગે એફ.એસ.એલ. નો નિર્ણયાત્મક પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી કે જેને કારણે હાલના આરોપીઓને કથીત ગુન્હા સાથે શંકારહીત સાંકળી શકાય.
- ઇનકવેસ્ટ પંચનામાની હકીકતોને પોસ્ટ મોર્ટમ કરનાર મેડીકલ ઓફીસરના જુબાની પુરાવાથી મજબૂત સમર્થન પ્રાપ્ત થાય અને અને મર્હુમનું મૃત્યુ શાર્પ કટીંગ વેપન થી થયેલ એક થી વધુ ઈજાઓને કારણે વધૂ પડતુ લોહી વહી જવાથી આઘાત લાગવાથી થયેલાનું નિઃશંકરીતે પુરવાર થાય છે, પરંતુ સદર ઈજાઓ મર્હુમનું મૃત્યુ નિપજાવવાના ઈરાદા અને જાણકારી સાથે હાલના આરોપીઓએજ પહોંચાડેલ છે, તેવી આરોપીઓને કથીત ગુન્હાહીત કૃત્ય સાથે જોડતી મહત્વની કડીઓનો અભાવ પ્રોસીક્યુશનના તમામ પુરાવાઓના સંયુક્ત મુલ્યાંકનના આધારે જણાય આવે છે. જેનો કાયદેસર શંકાનો લાભ આરોપીઓને મળવાપાત્ર થાય છે, તેમ હું નમ્રપણે માનું છું.

**૩૩.** આમ, ફરીયાદ પક્ષના કેસના જુબાની પુરાવાઓનુ સંયુકતપણે મૂલ્યાંકન કરવામાં આવે તો, પ્રોસીકયુશન હાલના કામે મરણજનારનુ મૃત્યુ ઈજાના કારણે આઘાત લાગવાથી થયેલાનુ પુરવાર કરવામાં સફળ થયેલ છે. પરંતુ, સદર ઈજા હાલના આરોપીઓએ ભેગા મળીને છરીઓના આડેધડ ઘા મારીને ગંભીર ઈજાઓ પહોંચાડી હોય અને તેને કારણે સદરનું મૃત્યુ થયેલ તેમજ આરોપીઓએ આક્ષેપિત કૃત્ય મરણજનારનું ખૂન ગણી શકાય તેવા મનુષ્યવધના ઈરાદા અને જાણકારી સાથે કરેલ હોય તેવી હકીકતો રેકર્ડ ઉપર શંકારહિત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**૩૪.** ઉપરોક્ત હકીકત અને સંજોગોમાં આરોપીઓના વિ. વકીલશ્રીઓ ધ્વારા નામદાર સુપ્રિમ કોર્ટના કેટલાક જજમેન્ટોમાં પ્રસ્થાપીત સિધ્ધાંતો ઉપર આધાર રાખેલ છે. તેની ચર્ચા નિચે મુજબ કરું છું:

- ***ભરત ચૌધરી વિ. યુનિયન ઓફ ઈન્ડીયા, પીટીશન ફોર સ્પેશ્યલ લીવ ટુ અપીલ (ક્રી.) નં. ૫૭૦૩ ઓફ ૨૦૨૧, તાઃ ૧૩.૧૨.૨૦૨૧*** ના કેસમાં આરોપીના પ્રિમાઈસીસમાંથી કબ્જે લીધેલ મોબાઈલ ફોન અને ડીવાઈસમાંથી મેળવેલ વોટ્સએપ મેસેજીસના પ્રિન્ટાઆઉટ ઉપર પ્રોસીક્યૂસન ધ્વારા ભઆર મુકવામાં આવેલ હતો. પરંતુ તે સંબંધીત સાયન્ટીપીક રીપોર્ટસ રેકર્ડ ઉપર આવેલ ન હતા. તે હકીકત સંજોગોમાં નામદાર સુપ્રિમ કોર્ટે એવું ઠરાવેલ છે કે, સદર પુરાવાઓ અંગે સાયન્ટીફીક રીપોર્ટસના અભાવે મોબાઈલ ફોન અને ડીવાઈસ માંથી મેળવેલ સદર વોટ્સએપ મેસેજીસ આરોપીને કથીત ગુન્હા સાથે સાંળવા માટેની જીવંત કડી સ્થાપીત કરવા માટે પુરતુ મટીરીયલ નથી. હાલના કેસમાં પણ તપાસ કરનાર અમલદાર ની જુબાની દરમ્યાન આરોપીઓના

કોલ ડીટેઈલ્સ સંબંધીત પ્રિન્ટઆઉટ્સ સમબંધીત સર્વીસ પ્રોવાઈડર મોબાલ કંપનીઓ માંથી મેળવી IO ની જુબાનીમાં આંક– ૧૪૫ થી આંક– ૧૫૩ લગત રજુ રાખેલ છે. પરંતુ તે સંબંધે સાયન્ટીફીક રીપોર્ટસ રેકર્ડ ઉપર લાવી પુરવાર કરવામાં પ્રોસીક્યુશન નિષ્ફળ ગયેલ છે. તેથી તેવા ખામીયુક્ય પુરાવાઓઓ પણ હાલના આરોપીઓને કથીત ગુન્હા સાથે શંકારહીત સાંકળતી મહત્વની કડી પુરવાર કરવા માટે પુરતા નથી. તે હકીકતમાં સદર ઓથોરીટીમાં પ્રસ્થાપીત સિધ્ધાંત આરોપીપક્ષના કેસને મદદકર્તા છે.

- ***જસબીર સિંઘ વિ. સ્ટેટ ઓફ હરયાના, ક્રિમીનલ અપીલ નં. ૫૫૪ ઓફ ૨૦૧૫, તાઃ ૦૬.૦૪.૨૦૧૫*** ના કેસમાં પ્રોસીક્યુશનના પુરાવાઓમાં મહત્વના વિરોધાભાષ અને વિસંગતતા હોય પુરાવો શંકારહીત જણાયેલ નહતો. તેવા સંજોગોમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવ્યુ કે નિચલી બંને કોર્ટો ધ્વારા પ્રોસીક્યુશન આરોપી વિરુધ્ધનો કેસ શંકારહીત પુરવાર કરવામાં સફળ થયેલાનું માનવામાં બૂળ કરેલ છે. જેના પર આધાર રાખી હાલના કેસમાં પણ અગાઈ ચર્ચા કર્યા મુજબ જ્યારે આરોપીઓને શંકારહીત સાંકળતો પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં પ્રોસીક્યુશન નિષ્ફળ ગયેલ હોય ત્યારે સદર સિધ્ધાંત હાલના કેસમાં આરોપીપક્ષને મદદકર્તા છે તેમ હું નમ્રપણે માનું છું.
- તે જ રીતે ***કૈલાશ ગૌર અને અન્ય વિ. સ્ટેટ ઓફ આસામ, ક્રિમીનલ અપીલ નં. ૧૦૬૮ ઓફ ૨૦૦૬, તાઃ ૧૫.૧૨.૨૦૧૧ રિપોર્ટેડ ઈન 2011 LawSuit (SC) 1306*** ના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટની લાર્જર બેન્ચ ધ્વારા એવું ઠરાવેલ છે કે, જ્યાં સુધી આરોપી શંકારહીત ગુન્હેગાર હોવાનું પુરવાર નહીં થાય ત્યાં સુધી આરોપીને નિર્દોષ માનવાનો રહે છે તે સિધ્ધાંતનું બલીદાન પ્રોસીક્યૂસનની અકાર્યક્ષમતા, અપર્યાપ્તતા, અકુશળ તપાસના આધારે આપી

શકાય નહીં. સદર સિધ્ધાંતપણ હાલના કેસની ઉપરોક્ત હકીકત સંજોગોમાં ખામીયુક્ત પુરાવાઓને કારણે આરોપીઓની તર્ફેણમાં પ્રોસીક્યુશન વિરુધ્ધ લાગુ પડે છે.

- ***સ્ટેટ ઓફ હરયાના વિ. શકુંતલા એન્ડ અધર્સ, ક્રિમીનલ અપીલ નં. ૬૫૮ ઓફ ૨૦૦૮, તાઃ ૧૯.૦૪.૨૦૧૨, 2012 LawSuit (SC) 331*** ના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટની ડીવીઝન બેન્ચ ધ્વારા ***સ્ટેટ ઓફ હરયાના વિ. શકુંતલા એન્ડ અધર્સ, 2002 2 SCC 426*** ના કેસમાં પ્રસ્થાપીત સિધ્ધાંત ધ્યાને દીધેલ છે, જે કેસમાં મર્હુમના સંબંધી અને ઈન્ટરેસ્ટેડ વિટનેસ માત્ર તપાસેલ જ ન હતા પરંતુ તેઓ અટક પંચનામાના સાક્ષી સાહેદો પણ હતા. તે સંજોગોમાં સદર ***સ્ટેટ ઓફ હરયાના વિ. શકુંતલા*** ના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે એવું ઠરાવેલ હતુ કે તેવા સાહેદોના પુરાવાઓની વિશ્વસનીયતા સામે વ્યાજબી શંકા ઉપસ્થીત થાય છે જે જેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. હાલના કેસમાં પણ આરોપીઓના અટક પંચનામા, હથીયાર રીકવરી પંચનામા તથા આરોપી અને મર્હુમના કપડા અને બ્લડ સેમ્પલ્સ કબ્જે કર્યાના પંચનામા તથા આરોપીઓની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રુબરુના ઓળખ પંચનામાના મોટા ભાગના પંચો ક્યાંતો મર્હુમના સગા થાય છે અનવાતો તેમના જાણીતા ઈન્ટરેસ્ટેડ પંચો છે. જેથી સદર ઓથોરીટીમાં પ્રસ્થાપીત સિધ્ધાંત મુજબ હાલના કેસમાં પણ સદર શંકાસ્પદ પુરાવાઓનો લાભ આરોપીને મળચવાપાત્ર થાય ચે, તેમ હું માનું છું.
- છેવટે આરોપીપક્ષે ***સ્ટેટ ઓફ રાજસ્થાન વિ. હુનુમાન, ક્રિમીનલ અપીલ નં. ૬૩૧ ઓફ ૨૦૧૭, તાઃ ૧૯.૦૬.૨૦૨૫, 2025 LiveLaw (SC) 691*** ના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટની ડીવીઝન બેન્ચના જજમેન્ટ ઉપર આધાર રાખેલ છે. સદર કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે અવલોકન કરી એવું ઠરાવેલ છે કે, ગુન્હાહીત ઈરાદો અને

લોહી જામેલ હથીયારની રીકવરી કે જેની ઉપર પ્રોસીક્યુશન ધ્વારા આરોપીને સાંકળતા પુરાવા તરીકે આધાર રાખેલ છે તેઓને સંયુક્ત રીતે ધ્યાને લેવામાં આવે તો પણ આરોપીને ગુન્હા સાથે સાંકળવા માટેની કડીઓની સંપુર્ણ ચેઇન પ્રસ્થાપીત કરતા નથી. વધુમાં ઠરાવેલ છે કે, તેમના મંતવ્ય મુજબ જો એફ.એસ.એલ. રીપોર્ ધ્યાને લેવામાં આવે તો પણ આરોપી પાંસે થી રીકવર થયેલ હથીચાર મળેલ લોહીનું ગૃપ મર્હુમના લોહીના ગૃપ સાથે મળતુ આવે તો પણ તેનાતી વિશેષ કોઇ હકીકત પુરાવર થતિ નથી. નામદાર સુપ્રિમ કોર્ટે છેવટે ***રાજા નાયક વિ. સ્ટેટ ઓફ છત્તીસગઢ, 2024 3 SCC 481*** ના કેસમાં પ્રસ્થાપીત સિધ્ધાંત ધ્યાને દીધેલ છે, જે કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે એવું ઠરાવેલ હતું કે, મર્હુમના બ્લડ ગૃપ સાથે મળતા ગૃપ ધરાવતા લોહીવાળા હથીચારની રીકવરી માત્ર થી મર્ડરનો ચાર્જ પુરવાર થયેલો માની શકાય નહીં. હાલના કેસમાં પણ અગાઉ ચર્ચા કર્યા મુજબ મુદ્દામાલ છરી ઉપર મળી આવેલ લોહીના ગૃપ ની મર્હુમના લોહીના ગૃપ સાથે એન્ટીજીનીસીટી નિચત થઇ શકતી નથી તેવો એફ.એસ.એલ. રીપોર્ટ આવેલ હોચ ત્યારે પ્રોસીક્યુશન લોહીવાળી છરીઓ રીકવર થયેલાનું બતાવવમાં સફળ થયેલાનું એક વખત માની લેવામાં આવે તો પણ તેટલા પુરાવા માત્રથી આરોપીઓને કથીત મર્ડરના આરોપ સાથે શંકારહીત શંકાળાચેલ પુરાવાર થાચેલાનું માની શકાય તેમ નથી. તે હકીકતમાં સદર ઓથોરીટીમાં પ્રસ્થાપીત સિધ્ધાંત ધ્યાને લેતા પણ હાલના કેસમાં સદર વ્યાજબી શંકાનો લાભ આરોપીઓને મળવાપાત્ર થાય છે તેમ પણ હું નમ્રપણે માનું છું.

**૩૫.** હાલના કામે વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫ અન્વયે હથિયાર બંધીના જાહેરનામાના ભંગનું તહોમત પણ ફરમાવવામાં આવેલ છે. તેના અનુસંધાને

પ્રોસીક્યુશન તરફે પોલીસ સાહેદ કે જેઓ જાહેરનામુ પ્રસિધ્ધ થતા શાખામાં ફરજ બજાવે છે તેવા પોલીસ સાહેદ વિનુભાઇ હરીભાઇ દેસાઇને સાહેદ નં.૧૯ તરીકે આંક-૧૧૬ થી સોગંદ પર તપાસવામાં આવેલા છે અને તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ પોલિસ કમિશ્નર કચેરી વિ.શા.માં પરમીટ સેકશનમાં એ.એસ.આઇ.તરીકે ફરજ બજાવે છે, તેમની ઓફીસેથી જે જાહેરનામાંઓ પ્રસિધ્ધ થાય છે તે તમામ જાહેરનામાઓમાં પોલિસ કમિશ્નર અમદાવાદ શહેરનાઓની સહીથી પ્રસિધ્ધ થાય છે. આ તમામ જાહેરનામાઓ પોલિસ કમિશ્નર વિસ્તારમાં સહેલાઇથી જોઈ શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડવામાં આવે છે તેમજ તમામ પોલિસ સ્ટેશન તેમજ લાગતા વળગતા અધિકારી શ્રીઓને આ જાહેરનામા મોકલી આપવામાં આવે છે તેમજ સોશિયલ મિડીયા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો તેમજ દુરદર્શન ઉપર પ્રસિધ્ધ કરવામાં આવે છે. સાહેદ વધુમાં જણાવે છે કે, આ ગુનાના કામે જાહેરનામા ક્રમાંક નં.વિ.શા./હથિયારબંધી જાહેરનામું/એ સેકશન/પરમીટ/૧૫૦/૨૦૨૧ જે તારીખ ૩૦/૧૦/૨૦૨૧ ના કલાક-૦૦ થી તા. ૧૩/૧૧/૨૦૨૧ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં હતું જે તા.૨૬/૧૦/૨૦૨૧ ના રોજ પોલિસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબનાઓની સહીથી પ્રસિધ્ધ થયેલ હતું જેમાં પી.આઈ.શ્રી ની સહી છે જે જાહેરનામાને આંક-૧૧૭ આપવામાં આવે છે.

૩૫.૧ સદર સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તેમને કોઈ અંગત જાતમાહીતી નથી તેમજ આ જાહેરનામું કોઈપણ જાહેર સ્થળોએ પ્રસિધ્ધ કરાવવા બાબતે અથવા આ જાહેરનામાની કોઈપણ રીતે બહોળી પ્રસિધ્ધી થઈ હોય તેવું બતાવતો કોઈ આધાર પુરાવો રજુ કર્યો

નથી. તેમજ સદર જાહેર નામુ પ્રસિધ્ધ કરનાર પોલીસ કમીશ્નર શ્રીને પ્રોસીક્યુશન તરફે રેકર્ડ ઉપર તપાસવામાં આવેલ નથી.

૩૫.૨ સાહેદના સદર પુરાવાની હકીકત ધ્યાને લઈ તેનુ મૂલ્યાંકન કરવામાં આવે તો, સદર સાહેદે જાહેરનામુ પ્રસિધ્ધ્ થયાની તારીખ વિશે જણાવેલ છે પરંતુ આ જાહેરનામાની પ્રસિધ્ધી યોગ્ય રીતે થયેલ તેવુ દર્શાવતો કોઇ પુરાવો રજુ કરેલ નથી કે તેમની પાસે નથી તેવુ સ્પષ્ટ જણાવેલ છે. વધુમાં જયારે આ કામના આરોપીઓએ કોઇ હથિયાર ધારણ કરેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદ પક્ષના સાહેદોના મૌખિક પુરાવામાં જયારે રેકર્ડ પર આવેલ નથી તેમજ ફરીયાદમાં જણાવ્યા મુજબનો બનાવ બનેલ કે કેમ તે અંગે પણ કોઇ સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવેલ નથી ત્યારે આવુ જાહેરનામુ અમલમાં હોવા છતાં તેની યોગ્ય રીતે પ્રસિધ્ધી થયેલ કે કેમ અને તેનો ભંગ આ કામના આરોપીઓએ કરેલ હોય તેવુ રેકર્ડ પરથી ફલિત થતુ ન હોય સદર સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને મદદકર્તા નથી.

૩૫.૩ જેથી હાલના આરોપીઓએ સદર આંક-૧૧૭ ના પ્રતિબંધીત જાહેરનામામાં દર્શાવેલ કૃત્ય નો ભંગ કરી સદર જાહેરનામાનો ભંગ કરી ધી ગુજરાત પોલીસ અધીનીયમ ૧૯૫૧ ના અધીનીયમ ૨૨ ની કલમ-૩૭(૧) સાથે વાંચતા કલમ-૧૩૫ મુજબ શિક્ષાપાત્ર ગુનો કર્યો હોય તેવું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેટલો ચાર્જ પુરતા હાલના આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાના રહે છે તેમ હું નમ્ર પણે માનું છું.

**૩૬.** સદર કામે આરોપીઓ સામે ઇ. પી. કોડ કલમ-૫૦૬(૨) મુજબના ગુન્હાનું તહોમત પણ મુકવામાં આવેલ છે. તેના અનુસંધાને અત્રેની કોર્ટ દ્વારા ન્યાયના વિશાળ હિતમાં ***મુન્સફખાન યાસીનખાન પઠાણ અને અન્ય વિ. ધી સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૨(૧) જી.એલ.એચ.(યુ.જે) ૪*** ના કેસમાં નામદાર ગુજરાત

હાઇકૉર્ટના જજમેન્ટ માં પ્રસ્થાપીત સિદ્ધાંત ઉપર આધાર રાખેલ છે. સદર કેસમાં ગુનાહીત ધાક ધમકી, મુત્યુ અથવા ગંભીર વ્યથા પહોચાડવાની ધમકીના આવશ્યક ધટકો પ્રસ્થાપિત કરેલ છે. તેના અનુસંધાને તેને અપાયેલ ધમકીના કારણે ફરિયાદીને ભયની ધંટી બજતી હોય તેવું લાગવું જોઇએ. સદર કેસમાં આરોપી દ્ધારા બોલાયેલ શબ્દોથી ફરિયાદીને કોઇ ભયની ચેતવણી મળી નથી તેવું પુરવાર થયેલ હતું. તે સંજોગોમાં ઇ.પી.કો. કલમ–૫૦૬(૨) હેઠળનો ગુનો સાબીત થતો નથી તેવું ઠરાવેલ હતું. પરંતુ હાલના કેસમાં આ અગાઉ ચર્ચા કર્યા પ્રમાણે આરોપીઓએ સવારના પ્રથમ બનાવ વખતે ફરીયાદીપક્ષને જાનથી મારી નાંખવાની ધમકી આપેલાનો અને તેને કારણે બનાવને નજરે જોનાર સાહેદો ફરીયાદી PW–10 અને PW–11 ડરીને ખૂબ જ ગભરાઇ ગયેલા હોય તેવો કોઇ જ પુરાવો તેમણે કોર્ટ રુબરુની જુબાની પુારાવમાં આપેલ નથી. તે હકીકતમાં ફરીયાદપક્ષ આરોપીઓ સામે ઇ. પી. કોડ કલમ– ૫૦૬(૨) મુજબ શિક્ષાપાત્ર ગુન્હાનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

૩૭. આ ઉપરાંત આરોપીઓ સામે ઇ. પી. કોડ કલમ– ૨૯૪(ખ) હેઠળના ગુન્હાનું તહોમત પણ ફરમાવેલ છે. તે હકીકતમાં ઇ.પી.કો. કલમ–૨૯૪(ખ) નો કેસ પુરવાર કરવા માટે ખરેખર ચોક્કસ ક્યા અપમાનજનક શબ્દો વાપરેલ છે તે રેકર્ડ ઉપર પુરવાર કરવા ફરિયાદપક્ષ માટે ફરજીયાત છે. જો તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર ન આવે તો તે કારણસર ઇ.પી.કો. કલમ– ૨૯૪(ખ) મુજબ સજા થઇ શકે નહી તેના અનુસંધાને અત્રેની કોર્ટ દ્ધારા ન્યાયના હિતમાં ***Pravinbhai Becherbhai Vankar and Ors. Vs. State of Gujarat*** *2007 (1)* ***G.L.H.*** *337* ના કેસમાં નામદાર ગુજારાત હાઇકૉર્ટના જજમેન્ટ ઉપર આધાર રાખેલ છે. તે જજમેન્ટ વંચાણે લેવામાં આવે તો તેમાં નામદાર ગુજરાત

હાઇકૉર્ટે એવું ઠરાવેલ છે કે, ઇ. પી. કો. કલમ–૫૦૪ મુજબ શિક્ષા પાત્ર ગુનામાં આરોપીઓ દ્વારા વપરાયેલ મૂળ શબ્દો રેકર્ડ ઉપર આવ્યા ન હોય અને કલમ–૫૦૪ માં અપમાન માત્ર ઈરાદાપુર્વકનું નહી પરંતુ, વ્યક્તિને જાહેર શાંતીનો ભંગ કરવા અથવા ઉશ્કેરણી કરવા પુરતું ન હોય ત્યાં સુધી એવું ઠરાવવું શક્ય નથી કે, ગુનો આચરવામાં આવ્યો છે તેવું ઠરાવીને આરોપીનો સજાનો હુકમ રદ કરેલો અને આરોપીની અપીલ મંજુર કરેલી. હાલના કેસમાં પણ અગાઉ ચર્ચા કર્યા મુજબ ઇ.પી.કો. કલમ–૫૦૪ કે ૨૯૪(ખ) ના ગુનામાં ચોક્કસ ક્યા શબ્દો આરોપીઓએ વાપરેલ છે તે રેકર્ડ ઉપર લાવી પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે અને માત્ર ગાળા ગાળી કરેલાનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ હોય તે પુરતો નથી. ત્યારે નામદાર ગુજરાત હાઇકૉર્ટની સદર ઓથોરીટીનો રેશીયો હાલના કેસમાં પણ લાગુ પડે છે તેમ હું માનું છું અન તેનાથી હાલના કેસમાં પણ આરોપીઓને ઇ.પી.કો. કલમ–૨૯૪(ખ) મુજબના ગુનામાં સજા કરવામાં શંકારહીત પુરતો અને વ્યાજબી પુરાવો રેકર્ડ ઉપર આવેલ નહોય ત્યારે લાવવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય ત્યારે આરોપીઓને ઇ. પી. કોડ કલમ–૨૯૪(ખ) હેઠળના તહોમતમાં શંકાનો લાભ આપી છોડી મુકવાના રહે છે તેમ હું માનું છું.

૩૮. આમ અગાઉ ચર્ચા કર્યા મુજબ નજરે જોનાર સાહેદો, મર્હુમના પત્ની અને ભાઇ રુપી સ્ટાર વિટનેસોની જુબાની અને મૂળ ફરીયાદ તથા પોલિસ રુબરુના પૂર્વ નિવેદનો વચ્ચે તો મહત્વના વિરોધાભાષ, વિસંગતતા અને વિપરીતતા તો જોવા મળે જ છે, પરંતુ સાથોસાથ તેઓની કોર્ટ રુબરુની જુબાનીઓમાં પણ પરસ્પર વિરોધાભાષ, વિસંગતતા અને વિપરીતતા તો જોવા મળે છે. તેથી વિશેષ, સદર સ્ટાર વિટનેસની જુબાનીઓ અને ગૌણ પુરાવાઓ જેવા કે ઓળખ પરેડનું પંચનામું, અન્ય ડીસ્કવરી

અને રીકેવરી પંચનામા, મેડીકલ એવીડન્સ અને એફ.એસ.એલ. જેવા સાયન્ટીફીક પુરાવાઓ વચ્ચે પણ મ્ત્વના વિરોધાભાષ અને વિસંગતતા તેમજ આરોપીઓને ગુન્હા સાથે સાંકળતી કડીઓનો અભાવ જણાતા હોય ત્યારે તેવા સંજોગોમાં આરોપીને શંકાનો લાભ આપવા માટેનો ફીટ કેસ છે અને આરોપીને સજા થઇ શકે નહિ તેવો કાયદાનો પ્રસ્થાપિત સિદ્ધાંત છે. તે અંગે અત્રેની કોર્ટ દ્વારા ***નિર્મળ પ્રેમકુમાર વિ. સ્ટેટ, ૨૦૨૪(૦) એઆઇજેઅએલ એસસી ૭૩૩૭૨*** ના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ ચુકાદા ઉપર આધાર રાખેલ છે. સદર કેસમાં ભોગ બનનાર સહિતના પ્રોસીક્યુશનના મહત્વના સાહેદોની જુબાનીઓમાં મહત્વના વિરોધાભાસો જોવા મળેલ. પ્રોસીક્યુશનની વાતમાં એટલી વિસંગતતાઓ હતી કે જે તેને નોંધપાત્ર રીતે શંકાસ્પદ ઠરાવતી હતી. તે હકીકત અને સંજોગોમાં નામદાર સુપ્રિમ કોર્ટે એવું ઠરાવેલ છે કે, કોર્ટ ભોગ બનનાર ઉપર મહત્વના સાહેદ તરીકે આનુસાંગિકતા વગર આધાર રાખી શકે પરંતુ તેની ગુણવત્તા અને વિશ્વસનીયતા અપવાદજનક રીતે ઉંચા હોવા જોઇએ. ભોગ બનનારનું નિવેદન શરૂઆતના નિવેદનથી મૌખિક જુબાની સુધી સાતત્યપૂર્ણ હોવા જોઇએ (નાની વિસંગતતાઓ બાદ કરતા), કે જેનાથી પ્રોસીક્યુશનના કેસ અંગે કોઇ શંકા ઉભી કરતા ન હોવા જોઇએ. જાતીય ગુન્હાઓના કેસોમાં મોટા ભાગે ભોગ બનનારની જુબાની પૂરતી હોય છે પરંતુ જ્યારે ભોગ બનનારની જુબાની આધારહીન અને અપૂરતી જણાતી હોય, ખામીઓ અને ક્ષતીઓ ઓળખી શકાતી હોય ત્યારે તેને આધારે આરોપીને ગુન્હેગાર ઠરાવવો મુશ્કેલ બને છે.

૩૯. આ ઉપરાંત, આ અંગે અત્રેની કોર્ટ દ્વારા ***ઇન્દ્રીશભાઇ દાઉદભાઇ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૫(૩) જી. એલ. આર. પાના નં. ૨૨૬૯ તથા સ્ટેટ ઓફ ગુજરાત વિ. મહમદ શરીફ ઉમર ગજલ મુસ્લીમ, ૨૦૦૭(૩) જી.એલ.એચ. ૫૬૧*** ના કેસોમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા પ્રસ્થાપિત સિદ્ધાંતને ધ્યાને લેવામાં

આવેલ છે. સદર કેસમાં નજરે જોનાર સાહેદ તથા ભોગ બનનાર, ફરિયાદી આ તમામની જુબાનીઓમાં જ્યારે મહત્વના મુદ્દા ઓ ઉપર એકબીજા વચ્ચે તેમજ તેઓના પૂર્વ નિવેદનો વચ્ચે પણ પરસ્પર વિરોધાભાસ અને વિસંગતતા જણાઈ આવેલ હતા. તે હકીકત સંજોગોમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે એવું ઠરાવેલ છે કે, આવા પુરાવાના આધારે આરોપીને ગુના સાથે શંકારહિત સંકળાયેલો માની શકાય નહિ. સદર પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ પણ હાલના કેસમાં આરોપીને શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી, છોડી મૂકવાનો હુકમ ફરમાવવો વ્યાજબી, યોગ્ય અને ન્યાયી જણાય છે

**૪૦.** આમ, પ્રોસીક્યુશન તમામ આરોપીઓ નં. ૧ થી ૬ સામે ઈ. પી. કોડ કલમ– ૩૦૨, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા જી. પી. એક્ટની કલમ ૧૩૫(૧) મુજબના ગુન્હાનું તાઃ ૦૬.૦૯.૨૦૨૪ ના રોજ ફરમાવેલ તહોમતનામુ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય તે મુજબ મુદ્દા નં. ૧ તથા ૨ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં. ૩ અંગે ન્યાયના હિતમાં નીચેનો હુકમ ફરમાવું છુંઃ

## <u>: : આ ખ રી હુ ક મ : :</u>

૧. આથી વેજલપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૮૨૧૧૭૬૪/૨૦૨૧, સેશન્સ કેસ નં.૧૦૦/૨૦૨૩ ના કામના આરોપીઓ (૧) જીશાન ઉર્ફે નિશાન તાજમોહંમદ અંસારી, રહે. મ.નં. ૩, મહેરૂનિલ્લા સોસાયટી, લાલા કબ્રસ્તાનની પાસે, ફતેવાડી, વેજલપુર, અમદાવાદ, (૨) મોહંમદસલીમ ઉર્ફે ડાન્સર જાફરભાઈ અંસારી, રહે. મ.નં.૭, કસ્વા પાર્ક, એ વન નગરની બાજુમાં, ફતેવાડી, વેજલપુર, અમદાવાદ, (૩) ફરદીન ઈસ્માઈલભાઈ ચંડેલ, રહે. મ.નં.એફ/૧૭, સીદીકાબાદ કોલોની, સેપર બેકરીની પાછળ, સરખેજ, અમદાવાદ, (૪)

અદનાન તાજમોહંમદ ઉર્ફે તાજમીયાં અંસારી, રહે. મ.નં.૩, મહેરૂનિહ્રા સોસાયટી, લાલા કબ્રસ્તાનની પાસે, ફતેવાડી, વેજલપુર, અમદાવાદ, (૫) ઉસ્માનગની અબ્દુલરસીદ મણીયાર, રહે.૨૦૬૦ નવી મહોલત ગલી નં. ૨, પાંચકુવા, કાલુપુર, અમદાવાદ, તથા (૬) સદામ ફીરોઝભાઇ મહેંદીહુસેન શેખ, રહે. એ/૩, મોઇન રો હાઉસ, આમેના કોલોની પાસે, લાલબાગ કબ્રસ્તાન રોડ, ફતેવાડી, અમદાવાદવાળાને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ- ૩૦૨, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા જી. પી. એક્ટની કલમ ૧૩૫(૧) મુજબના શિક્ષા પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

૨. યુ. ટી. પી. આરોપી નં. ૧ તથા ૨ અંગે સંબંધીત જેલ ઓથોરીટીને જો અન્ય ગુન્હાના કામે તેઓની કસ્ટડી જરુર ન હોય તો હાલના ગુન્હાના કામે તાત્કાલીક છોડી મુકવા એક્વીટલ વોરંટ પાઠવવું.

૩. સદરહુ કામના આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ- ૪૩૭(એ) ની જોગવાઇ મુજબ જો હાલના ઠરાવ સામે નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ અપીલ થાય તો અપીલના કામે હાજર રહેવા સંબંધે આ હુકમ જાહેર થયા તારીખથી દિન-૭ માં રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર પુરા) ના જાત જામીન તથા તેટલી જ રકમના સધ્ધર જામીન અત્રેની અદાલતમાં રજુ કરવાના રહેશે.

૪. સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ નં. ૧ એક કાળા કલરનુ વાદળી પટ્ટીવાળુ પલ્સર મોટરસાયકલ જેનો આર.ટી.ઓ. રજી.નં. જી.જે.૨૭ સી.કે. ૯૮૩૮ છે તે તથા નં. ૨ એક સફેદ કલરનુ બર્ગમેન ટુ વ્હીલર જેનો નંબર પ્લેટ જણાતી નથી જેનો

એન્જીન નં. AF2167711154 તથા ચેસીસ નં. MB8EA11BHM826693 છે તે તમામ મુદ્દામાલ બાબતે વચગાળાનો જો કોઈ હુકમ થયેલ હોય તો તે હુકમ કાયમ કરવામાં આવે છે અને જો વચગાળાનો કોઈ હુકમ થયેલ ન હોય તો આર.ટી.ઓ. રજીસ્ટર્ડ માલિકને ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૪૫૨ અન્વયે કાયમી ધોરણે પરત સોંપવા હુકમ ફરમાવુ છું, તે સિવાયના બાકીના મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજ તા. ૨૯ મી માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૯/૦૭/૨૦૨૬
અમદાવાદ

( એમ. કે. ઉપાધ્યાય )
એડીશ્નલ સેશન્સ જજ,
નવરંગપુરા, અમદાવાદ (ગ્રામ્ય)
Judge Code: GJ00613

*યુ.એ.પંડયા*